Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બોધક ટીકડીઓ

મુકુલભાઈ કલાર્થી

66 ग
3 ७

ગૂજરાત વિદ્યાપીઠ
અમદાવાદ-૯

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ओ३म्
पुस्तक संख्या...... 6651/35
पञ्जिका संख्या...... 22525

पुस्तक पर सर्व प्रकार की निशानियां लगाना वर्जित है। कोई सज्जन पन्द्रह दिन से अधिक देर तक पुस्तक अपने पास नहीं रख सकते। अधिक देर तक रखने के लिये पुनः आज्ञा प्राप्त करनी चाहिये।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

स्टाक प्रमाणीकरण १९८४-१९८५

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્રી ચકુબહેન સ્મારક ગ્રંથમાળા પુ૦ ૧૧

બોધક ટીકડીઓ

મુકુલભાઈ કલાર્થી

C 1973
Initial

પ્રકાશક તરફથી ભેટ

ગૂજરાત વિદ્યાપીઠ
અમદાવાદ-૯

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકાશક
મગનભાઈ પ્રભુદાસ દેસાઈ
મહામાત્ર, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ-૯
મુદ્રક
જીવણજી ડાહ્યાભાઈ દેસાઈ
નવજીવન મુદ્રણાલય, અમદાવાદ-૯

પહેલી આવૃત્તિ પ્રત ૧૨૫૦

સર્વ હક્ક ગૂજરાત વિદ્યાપીઠને આધીન છે.

પ્રાપ્તિસ્થાન
નવજીવન કાર્યાલય
અમદાવાદ-૯

સવા રૂપિયો માર્ચ ૧૯૫૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકાશકનું નિવેદન

આ 'ટીકડીઓ' સૌને આપતાં ખરેખર આનંદ થાય છે. તેના બનાવનાર શ્રી મુકુલભાઈએ તે સ્વ૦ કિશોરલાલભાઈને ચખાડેલી. તેમણે તે વિષે પોતાનું પ્રમાણપત્ર આપેલું, તે આ સાથે જોડ્યું છે.

ખાટીમીઠી નાનાંને જ નહીં, મોટાંને પણ જોતાંવેંત એકાદ તો મોંમાં નાંખવા મન થઈ જાય છે. ખાટીમીઠીનો આ સંગ્રહ નાનાંને તેમ જ મોટાંને ગમે એવો છે. નવું સવું વાંચતાં શીખેલાં પ્રૌઢોને પણ એ ગમશે માનું છું.

આ સંગ્રહ ભાઈ મુકુલભાઈના બહોળા વાચન અને જીવનલક્ષી નજરના ફળ રૂપે છે. દેશદેશાવરની, જૂની નવી, પૌરાણિક કે ઐતિહાસિક, — વિવિધ રસની કથાઓ તેમણે સંઘરી છે; અને ટૂંકી, રસાળ તથા બાળભોગ્ય શૈલીમાં તેમને રજૂ કરી છે. બધી કથાઓમાં સૂત્ર રૂપે એક વસ્તુ રહેલી છે અને તે જીવનને ઘડવાની મૃદુ, મંગળ વૃત્તિ. તેને પોષવા માટે તે દાદોક્તિક થયા વગર પોતાનું કામ કરે છે, એ એમની શૈલીનો નોંધપાત્ર ગુણ છે. ભાઈ કલાર્થી સ્વભાવે અને રુચિએ શિક્ષક છે; તે કામમાં તેમને રસભર્યો ઉમંગ છે. એના સુપાક–રૂપ આ ફળ સૌને ગમશે માનું છું.

એક વસ્તુ કહેવી જોઈએ અને તે એ કે, આ વાર્તાઓ જો સચિત્ર અપાય તો ખાસ કરીને બાળ વાચકો માટે તે વધારે ઉઠાવદાર બને. આ ઊણપ તો હવે પછી નવી આવૃત્તિ થવાની હશે તો ત્યારે વાત. ભાઈ મુકુલભાઈ વિદ્યાપીઠના સેવક છે. આ અગાઉ તેમની કાંઈક ઓળખ તેમનાં લખાણોમાંથી મળી હશે માનું છું. આ કથાઓ પણ તેમનો ઠીક પરિચય આપશે. આશા છે કે શિક્ષણમાં તથા સામાન્ય વાચનમાં તે કામ દેશે.

૧૫–૩–૫૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રમાણપત્ર

શ્રી. મુકુલભાઈની આ બોધક ટીકડીઓ ‘લોકજીવન’માં વાચકોએ પહેલાં રસપૂર્વક વાંચી હશે. હોમિયોપથીની દવાઓની જેમ તે ઝીણી છે, ગળી છે અને અસરકારક પણ. હોમિયોપથીની દવાથી કોઈક વાર સહન ન થઈ શકે એવાં તીવ્ર પ્રાથમિક પરિણામો ઊપજે છે. તેવી આમાં ધાસ્તી નથી. લેતાં મધુર અને તત્કાળ તેમ જ દીર્ઘ પરિણામોની દૃષ્ટિએ પણ હિતકર, અને ઊપજેલાં પરિણામો ભૂંસાઈ જતાં લાગે તો ફરી ફરી ધાસ્તી વિના લઈ શકાય એવું આ ટીકડીઓ વિષે પ્રમાણપત્ર આપી શકાય.

વર્ધા, ૧૧-૫-૧૯૫૨ **કિશોરલાલ ઘ. મશરૂવાળા**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનુક્રમણિકા

પ્રકાશકનું નિવેદન ૩

પ્રમાણપત્ર શ્રી કિશોરલાલ ઘ. મશરૂવાળા ૫

૧. પ્રામાણિકતા ૩
૨. આચરણ ૫
૩. કર્તવ્ય ૬
૪. પુરુષાર્થ ૮
૫. અનુકંપા ૧૦
૬. સ્વાશ્રય ૧૧
૭. આસક્તિ ૧૨
૮. ક્રોધ ૧૩
૯. ધૈર્ય ૧૫
૧૦. કંકાસ ૧૬
૧૧. મમત્વ ૧૯
૧૨. ચોરી ! ૨૧
૧૩. ધર્મબુદ્ધિ ૨૩
૧૪. લાગવગ ૨૫
૧૫. મરણ ૨૬
૧૬. બદબો અને અસ્વચ્છતા ૨૯
૧૭. ભલાઈ અને બૂરાઈ ૩૨
૧૮. સદ્‌ભાગ્ય – કમભાગ્ય ૩૩
૧૯. માન અને અપમાન ૩૫
૨૦. શ્રમ અને આરામ ૩૭
૨૧. પારકું અને પોતાનું ૩૮
૨૨. ધનસંચય ૪૦
૨૩. વાનર-ચિકિત્સા ! ૪૨
૨૪. આત્મનિરીક્ષણ ૪૪
૨૫. સતત પ્રયત્ન ૪૫
૨૬. માણસાઈભર્યો વ્યવહાર ૪૬
૨૭. દિલની ઉદારતા ૪૮
૨૮. જીવનનું ખમીર ૫૦
૨૯. દુઃખનું ઓસડ ૫૧
૩૦. આચરણની અસર ૫૨
૩૧. દાનનો મહિમા ૫૪
૩૨. આનંદનું મૂલ્ય ૫૭
૩૩. મહેનતની રોટી ૫૯
૩૪. કલ્યાણનો માર્ગ ૬૦
૩૫. ભક્તની નમ્રતા ૬૧
૩૬. અંતરની તાલાવેલી ૬૩
૩૭. મોતનું કારણ ૬૫
૩૮. દાનત તેવી બરકત ૬૭
૩૯. 'કુત્તાકચનો કાપ કદી ન રૂઝે !' ૬૯

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪૦. આપણી ફરજ	૭૧	૪૬. ટેવનો એક ઇલાજ	૮૪
૪૧. આપણે શું જોવું જોઈએ?	૭૪	૪૭. વ્યસનોમાં ચાર ગુણ!	૮૫
૪૨. બીજાના દોષ જોઈએ તો...	૭૭	૪૮. સાચો પુત્ર	૮૬
૪૩. બીજાની દશા જોઈને	૮૦	૪૯. સાચો ધર્માત્મા	૮૯
૪૪. બીજાના સુખને ખાતર	૮૧	૫૦. સાચાં ઘરેણાં	૯૧
૪૫. ગામને ખાતર	૮૩	૫૧. સંત-સમાગમ	૯૩

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બોધક ટીકડીઓ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧

પ્રામાણિકતા

એક વાર ખલીફા હજરતઅલી સાહેબ રાજ્યના ખજાનાનો હિસાબ કરવા બેઠા હતા. સાંજનો સમય હતો. થોડી જ વારમાં અંધારું થઈ ગયું. એટલે તેમણે મીણબત્તી સળગાવી અને તે પાછા હિસાબના કામમાં લાગી ગયા.

થોડી વાર પછી બે સરદારો પોતાના અંગત કામ અંગે હજરત સાહેબને મળવા માટે ત્યાં આવ્યા. હજરતઅલી સાહેબે આંખનો ઇશારો કરી તેઓને થોડી વાર બહાર બેસવા કહ્યું.

હિસાબનું કામ પૂરું થયું, એટલે હજરતઅલી સાહેબે મીણબત્તી બુઝાવી નાખી અને પોતાના મેજમાંથી બીજી મીણબત્તી કાઢીને સળગાવી.

સરદારો આ જોઈને ભારે આશ્ચર્ય પામ્યા! તેઓને થયું, 'પેલી મીણબત્તી હજી પૂરેપૂરી ખલાસ થઈ ગઈ ન હતી. તો પછી તેને બુઝાવીને બીજી મીણબત્તી હજરત સાહેબે શા માટે સળગાવી હશે?' આમ તેઓ મનમાં ગડમથલ અનુભવવા લાગ્યા.

થોડી વારમાં કામ પતી ગયું. પણ પેલા સરદારો પોતાનું કુતૂહલ રોકી શક્યા નહિ. તેઓએ હજરત સાહેબને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિનયપૂર્વક પૂછ્યું : "આપને એક વાતનું નિરાકરણ કરવા અરજ કરીએ છીએ. જ્યારે અમે અહીં આવ્યા ત્યારે જે મીણબત્તી સળગતી હતી, તે પૂરી થઈ ન હતી તોયે તેને બુઝાવી નાખીને અમારી સાથે વાતો કરતી વેળાએ આપે આ બીજી મીણબત્તી શા માટે સળગાવી હતી? જો આપને કશી હરકત ન હોય તો એ પાછળનું રહસ્ય સમજાવવા મહેરબાની કરો."

હજરતઅલી સાહેબ શાંતિથી બોલ્યા: "તમને મેં વાતો કરવા અંદર બોલાવ્યા ત્યાં સુધી હું રાજ્યનું કામ કરતો હતો, તેથી રાજ્યની મીણબત્તી મેં સળગાવી હતી. ત્યાર બાદ આપણે આપણા અંગત કામ અંગે બેઠા છીએ, તેથી રાજ્યની મીણબત્તી શી રીતે વાપરી શકાય? જો હું મારા આવા અંગત કામને વખતે રાજ્યની મીણબત્તી વાપરું તો હું ચોર ઠરું અને અપ્રામાણિક પણ કહેવાઉં. માટે આપણા કામ સારુ મેં મારી પોતાની મીણબત્તી સળગાવી."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨

આચરણ

એક વાર ઇંગ્લંડમાં કાર્ડિનલ વૉઘાન નામે એક પ્રખ્યાત પાદરી થઈ ગયા. તે નાના હતા ત્યારની આ વાત છે.

એક દિવસે તે રોજ કરતાં વધારે ખાવા લાગ્યા. એમના પિતાની નજર એમના પર પડી. એમણે કાર્ડિનલને ઠપકો આપતાં કહ્યું: "આમ શું તું અકરાંતિયાની માફક ખા ખા કરે છે! સંયમ રાખતાં તું ક્યારે શીખીશ?"

બાળક કાર્ડિનલે સહજ રીતે જ તેમને જવાબ આપતાં કહ્યું: "તમે પણ, બાપુજી, જમી રહ્યા પછી છીંકણીની કેટલી મોટી ચપટી ભરો છો?"

આ સાંભળતાં જ એમના પિતાએ પોતાના ખિસ્સામાંથી છીંકણીની દાબડી તરત જ કાઢી અને ચૂલામાં નાખી દીધી. આ બનાવ પછી તેમણે કદી છીંકણી સૂંઘી જ નહિ.

આ પ્રસંગને યાદ કરીને કાર્ડિનલ કહેતા: "મારા ચારિત્ર્યને ઘડનારો આ દાખલો મારા જીવનને સંયમશીલ બનાવવામાં પ્રથમ પાયારૂપ થઈ પડ્યો."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩

કર્તવ્ય

અમેરિકા દેશમાં એક ટાપુ પાસે દીવાદાંડી છે. ૧૯૦૪ની સાલમાં એ જગ્યાએ એક સાચી ઘટના બની હતી.

એક દિવસે એ દીવાદાંડી પર દેખરેખ રાખનારો માણસ પાસેના ખડક ઉપર એકાએક મરણ પામ્યો.

સાંજ પડી. પણ પોતાનો પતિ ઘેર ન આવ્યો એટલે એ રખેવાળની સ્ત્રી રાહ જોવા લાગી. ધીમે ધીમે અંધારું તો વધતું જતું હતું. વાળુ કરવાનો વખત પણ થઈ ગયો હતો. પણ પતિને હજી ઘેર આવેલો ન જોઈને પેલી બાઈ મનમાં ગભરાવા લાગી. તેના મનમાં એક પછી એક વિચાર આવવા લાગ્યા : 'કોઈ દિવસ નહિ અને આજે જ કેમ આટલું બધું મોડું થઈ ગયું? એમને શું થયું હશે?' તે તો ધડકતે હૈયે એને શોધવા કિનારે આવી.

વળી તેને એક બીજી પણ ચિંતા થતી હતી. અંધારું થયેલું હોવાથી દીવાદાંડીનો દીવો કરવાનો વખત પણ થઈ ગયો હતો. આમ બેવડી ચિંતાથી બેબાકળી બની જઈ તે પોતાના વહાલા પતિને આમતેમ ખોળવા લાગી.

એવામાં દૂર દૂર કિનારા ઉપર કંઈક પડેલું તેને દેખાયું. તેના મનમાં ધ્રાસકો પડ્યો. તે લથડતે પગલે દોડતી દોડતી ત્યાં ગઈ. જુએ છે તો ત્યાં પોતાના પતિનું શબ પડ્યું હતું! બાઈ તો ઢગલો થઈને ત્યાં ને ત્યાં ફસડાઈ પડી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ થોડી વારમાં શુદ્ધિમાં આવતાં તેને એકાએક વિચાર આવ્યો: 'અરે, પેલી દીવાદાંડીમાં દીવો કરવાનો વખત તો ક્યારનો થઈ ગયો છે. અને જો ત્યાં દીવો ન કરવામાં આવે તો અંધારી રાતે કોઈક વહાણ ખડક સાથે અથડાઈ જશે અને કેટલાય માણસોના જાનની ખુવારી થશે!'

એ બાઈ સફાળી ઊભી થઈ ગઈ અને પોતાના વહાલા પતિના શબને ધીમે ધીમે ઢસડીને પોતાની ઓરડીએ લઈ ગઈ. પછી તે તરત જ દીવાદાંડી ઉપર ચડી. ઉપર જઈને તેણે દીવો કર્યો.

હવે દીવાદાંડીના એ દીવાને ફરતો રાખવાનો સંચો શી રીતે ચલાવવો? તેણે ખૂબ મહેનત કરી, પણ તે ફાવી નહિ! તેને થયું કે, 'જો હું મારા હાથ વડે સંચાનો કાચ ફેરવ્યા કરું તો એ ફરે એમ છે.' એમ વિચાર કરી તેણે આખી રાત ત્યાં બેસીને કાચ ફેરવ્યા કર્યો!

બીજાના જીવને બચાવવા ખાતર આ બાઈએ પોતાના પ્રાણથી પણ અધિક વહાલા પતિના શબને આમ જ પડતું મૂકીને, પોતાના કારમા દુઃખને અંતરમાં શમાવી દઈને આખી રાત મહેનત કર્યા કરી!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪

પુરુષાર્થ

ઇમામ ઘિઝાલી નામે એક મુસ્લિમ સંત થઈ ગયા. તેઓ ધર્મનો અભ્યાસ ખૂબ ધ્યાન દઈને કરતા હતા. ધર્મ-ગ્રંથોનાં સાચાં રહસ્યોને બરોબર જાણી લેવા તેઓ હંમેશ મથતા. એ સારુ તેઓ મોડી રાત સુધી દીવો સળગાવી એકચિત્તે અભ્યાસ કરવા રોજ બેસતા.

એક રાતે તેઓ અભ્યાસ કરવા બેઠા હતા. દીવો સળગી રહ્યો હતો. રાત ધીમે ધીમે વધતી જતી હતી. ઠંડો પવન વાતો હતો. બધે નીરવ શાંતિ હતી. તે દિવસે ઇમામ ઘિઝાલી સાહેબ ખૂબ થાકેલા હતા. એટલે થાકને લીધે વાંચતાં વાંચતાં તેઓ થોડી વારમાં ઊંઘી ગયા.

એવામાં તેમને એક સ્વપ્ન આવ્યું. સ્વપ્નમાં ખુદાના એક ફિરસ્તા એમની પાસે આવીને કહેવા લાગ્યા : "અરે ઘિઝાલી, જાગ, જાગ ! તને સઘળી વિદ્યાઓની બક્ષિસ આપવા ખુદાએ મને અહીં મોકલ્યો છે. જાગ, બેઠો થા અને બધી વિદ્યાઓનો ઇલમ મારી પાસેથી શીખી લે. આજ પછી તારે આમ મોડી રાત સુધી દીવો સળગાવી અભ્યાસ કરવા બેસવું નહીં પડે."

એ સાંભળીને ઇમામ ઘિઝાલી સાહેબ સ્વપ્નમાં જ અદબથી બોલ્યા : "હે ખ્વાજા ખિજર ! બેઅદબી માફ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરજો. મહેનત કર્યા વિના મફત મળતી બક્ષિસ મારે ન જોઈએ. હું મારી મર્યાદા જાણું છું. હજી મારામાં એટલી લાયકાત આવી નથી. કશો પુરુષાર્થ કર્યા વિના મેળવેલી સિદ્ધિમાં કશી બરકત હોતી નથી. મારે તો પુરુષાર્થ કરીને ધીમે ધીમે ધર્મગ્રંથોનો અભ્યાસ કરવો છે અને સાચો ઇલમ શીખવો છે.”

ફિરસ્તા ખ્વાજા ખિજર ઇમામ સાહેબનો આવો જવાબ સાંભળીને તાજ્જુબ થઈ ગયા. તેમણે કહ્યું: “હે ઇમામ ઘિઝાલી! તો પછી તારી જે ઇચ્છા હોય તે મારી પાસે માગ. હું તારો સાચો પુરુષાર્થ જોઈને ઘણો ખુશ થયો છું.”

ઇમામ ઘિઝાલી સાહેબ અહેશાન માનતા બોલ્યા: “હે ખુદાના રહેમદિલ ફિરસ્તા! મને બસ એટલું જ આપો કે મારા આ દીવામાં હંમેશાં તેલ પુરાયા કરે, જેથી એના શીતળ પ્રકાશમાં રાતે અભ્યાસ કરવામાં મને મુશ્કેલી નહીં પડે.”

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૫

અનુકંપા

અમેરિકા દેશના એક વખતના પ્રમુખ અબ્રાહમ લિંકન એક દિવસે ત્યાંનો રાજકારભાર ચલાવનારી સભા 'સેનેટ'માં હાજરી આપવા જઈ રહ્યા હતા.

રસ્તે જતાં અબ્રાહમ લિંકને એક ડુક્કરને કાદવમાં ખૂંપી ગયેલું દીઠું. એ બિચારું બહાર નીકળવા વલખાં મારી રહ્યું હતું. પણ કાદવ ખૂબ ઊંડો હોવાથી તે કેમે કરી બહાર નીકળી શકતું ન હતું.

અમેરિકાના પ્રમુખ અબ્રાહમ લિંકને એ જોઈને તરત જ પોતાની ગાડી ઊભી રખાવી અને નીચે ઊતરી પેલા ડુક્કરને જાતે કાદવમાંથી બહાર કાઢ્યું. કાદવમાં જવાથી અબ્રાહમ લિંકનનાં કપડાં પર કાદવના છાંટા ઊડ્યા હતા. પરંતુ તે તો એ જ કપડે સીધા સેનેટમાં ગયા.

સેનેટના સભ્યો પ્રમુખનાં કપડાં પર કાદવના ડાઘા જોઈને નવાઈ પામ્યા. જ્યારે ગાડી હાંકનારે બધી વાત તેઓને કહી ત્યારે તેઓ પ્રમુખની આવી ઉદારતા જોઈને તેનાં ખૂબ વખાણ કરવા લાગ્યા.

એ સાંભળીને અબ્રાહમ લિંકન બોલ્યા: "મિત્રો, મેં તે ડુક્કરનું દુઃખ કંઈ ઓછું કર્યું નથી; પરંતુ એનું દુઃખ જોઈને મારા મનમાં જે દુઃખ થયું હતું, મારા હૃદયમાં જે વ્યથા થઈ આવી હતી, તે દૂર કરવા માટે જ મેં એને કાદવમાંથી બહાર કાઢ્યું હતું!"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૬

સ્વાશ્રય

હજરત ઉમર જ્યારે ખલીફાની ગાદી ઉપર હતા, ત્યારે તેમણે સંત સ્વભાવના જનાબ સુલેમાન ફારસીને સીરિયા દેશના એક શહેરના હાકેમ નીમ્યા. ખલીફાએ તેમને પાંચ હજાર દિરહમ પગાર તરીકે આપવાનું ઠરાવ્યું.

પરંતુ જનાબ સુલેમાન ફારસી ખજૂરીનાં પાંદડાંની ટોપલી બનાવવાનું કામ ફુરસદના વખતે હંમેશ કર્યા કરતા અને એ કામમાંથી પોતાના ગુજરાન જેટલું મેળવી લેતા. તેમને પગાર તરીકે જે મોટી રકમ મળતી હતી એ તે ખુદાને નામે ખેરાત કરી દેતા.

એક દિવસે તેમના એક મિત્રે વાતવાતમાં તેમને કહ્યું : "અરે જનાબ સાહેબ, તમને આટલો બધો પગાર મળે છે, તો પછી તમે આવું નકામું વૈતરું શા માટે કર્યા કરો છો ? એટલી મોટી રકમ કોઈને મળતી હોય તો તે લહેરથી મોજશોખમાં જિંદગી પસાર કરે. આવી નકામી માથાફોડ કરવાનું તમને ક્યાંથી સૂઝ્યું ? આટલો વખત જો તમે રાજ્યના કારભારને લગતા કોયડાઓનો ઉકેલ લાવવામાં આપતા હો તો રાજ્યની કેટલીય ગૂંચનો નિકાલ આવે. તમે તો એને બદલે બીજા જ કામમાં રસ લો છો. તમે જ કહો તમારા જેવા મોટા હાકેમને આ પ્રમાણે ટોપલી બનાવી ગુજરાન ચલાવવાનું કંઈ શોભે ખરું ?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ સાંભળી જનાબ સુલેમાન ફારસી ધીર ગંભીર અવાજે બોલ્યા: "ભાઈ, મોટો પગાર લઈને હું એશ-આરામમાં પડી જાઉં અને માલમલીદાનો રસિયો બની જાઉં, તો ખુદાની બંદગી કે રૈયતની સાચી સેવા મારાથી થઈ ન શકે એવો મને ડર છે. ખુદાએ મને પૂરતી તાકાત આપી છે, તો પછી હાથપગ ચલાવીને મહેનત કરી ગુજરાન પૂરતું કમાવામાં નાનમ શી છે?"

૭

આસક્તિ

એક હતો ન્યાયાધીશ. તે હંમેશાં સાચો ઇન્સાફ આપતો એમ લોકોમાં કહેવાતું હતું. તે કદી લેશ માત્ર પણ ન્યાયની બાબતમાં કચાશ બતાવતો નહીં. કોઈને ફાંસીની સજા કરવાનો વખત આવે તોપણ તે ખમચાયા વિના સાચો ન્યાય આપતો. એવી એવી કેટલીય વાતો લોકોમાં જાણીતી હતી.

હવે એક વાર એવું બન્યું કે એ ન્યાયાધીશના છોકરાએ જ કોઈનું ખૂન કર્યું. પોલીસો તેને પકડી લઈ આવ્યા અને એ જ ન્યાયાધીશની સામે તેને ખડો કરવામાં આવ્યો!

પેલા ન્યાયાધીશને પોતાના જ છોકરાને ફાંસી આપવાનું ક્યાંથી મન થાય? પોતાના પુત્ર તરફની આસક્તિથી પિતાનું હૃદય ભરાઈ આવ્યું. એટલે તે તો કચેરીમાં કહેવા લાગ્યો: "ફાંસીની સજા કરવી એ સાવ જંગલી રિવાજ છે. જે દેશો સુધરેલા ગણાય છે ત્યાં એ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રિવાજ નાબૂદ કરવામાં આવ્યો છે. આપણે પણ સુધરેલા ગણાવું હોય તો ફાંસીની સજા કાઢી જ નાખવી જોઈએ. માણસમાત્ર ભૂલને પાત્ર હોય જ છે. ભલભલા પ્રતિષ્ઠિત લોકો પણ ભૂલ કર્યા વિના રહેતા નથી. એ તો માણસની એક સ્વભાવગત નબળાઈ જ છે. માણસ કોઈ વાર ગુસ્સામાં કે આવેશમાં આવી જઈને ખૂન કરી બેસે છે. પરંતુ આવેશ શમી જતાં એને પસ્તાવો જરૂર થાય જ છે. માટે એને પસ્તાવો કરીને સુધરવાની તક આપવી જોઈએ. ફાંસી આપવાથી કશો અર્થ સરતો નથી.''

૮

ક્રોધ

એક સાધુ હતો. તે એક દિવસે ક્રોધ કેવી બૂરી ચીજ છે તે લોકોને સમજાવતો હતો : "ભાઈઓ, ક્રોધ એ અગ્નિ જેવો છે. જેમ આગ એને આશ્રય આપનારને બાળે છે અને આસપાસ હોય તેને પણ તપાવે છે, તેમ ક્રોધ એને આશ્રય આપનાર માણસને બાળે છે અને એના સંબંધમાં આવનાર બીજા માણસોને પણ બાળે છે. માટે સૌએ ખૂબ સાવધાન રહી ક્રોધને જીતવા પ્રયત્ન કરવો જોઈએ. કારણ કે,

'ક્રોધરિપુ આંખ છતાં અંતરે અંધાપો આપે,
ક્રોધરિપુ કાન છતાં બધિર બનાવે છે;
ક્રોધરિપુ વિનય વિવેક વિસરાવી દીએ,
ક્રોધરિપુ ભારે ભારે લાભને ભુલાવે છે.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આમ હોવાથી કોઈએ ક્રોધરિપુને વશ ન થવું જોઈએ. હું પણ હંમેશાં ક્રોધરૂપી શત્રુને દૂર રાખવા ખૂબ જાગ્રત રહું છું."

થોડી વાર પછી બધા લોકો પોતપોતાને ઘેર ચાલ્યા ગયા. સાધુ એકલો જ બેઠો હતો. એવામાં ત્યાં એક માણસ આવ્યો. તેણે કહ્યું: "બાવાજી, થોડો દેવતા આપશો?"

સાધુની ઝૂંપડીમાં અંગાર ન હતો. તેથી સાધુએ કહ્યું: "ના ભાઈ, દેવતા તો બુઝાઈ ગયો છે. મારી પાસે નથી."

પણ પેલા માણસે ફરી પૂછ્યું: "મહારાજ, હશે. જરા જુઓ તો ખરા. થોડો પણ હોય તો મને આપો."

એ સાંભળીને સાધુએ ભવાં ચડાવી મોટે અવાજે કહ્યું: "અરે, સાંભળતો નથી? એક વાર તો કહ્યું કે આગ નથી અને શા માટે નકામી જીદ કરે છે?"

એટલે પેલો માણસ કહે: "અરે મહારાજ, દબાયેલી ધૂણીમાં આગ દેખાય તો છે, અને તમે કહો છો કે તમારી પાસે આગ નથી! હવે થોડી આગ આપતાં શું થઈ ગયું?"

આથી પેલો સાધુ એકદમ ગુસ્સે થઈ ગયો અને બોલ્યો: "કેવો લબાડ માણસ છે! હું કહું છું કે આગ નથી, તોયે માગ્યે જાય છે. ચાલ્યો જા અહીંથી."

એ સાંભળી પેલો માણસ પાછો કહેવા લાગ્યો: "અરે મહારાજ, જુઓને આ ધુમાડો તો નીકળી રહ્યો છે! થોડી આગ તો આપો!"

હવે સાધુનો મિજાજ ખસી ગયો. તે ચીપિયો લઈને ઊઠ્યો અને બોલ્યો: "અરે મૂર્ખ, જાય છે કે નહીં? નહીં તો હમણાં સીધોદોર કરી મૂકીશ."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એટલે પેલો માણસ હસતાં હસતાં બોલ્યો : " મહારાજ, હવે તો આગ સળગવા લાગી અને તેના તણખા પણ ઊડી રહ્યા છે ! જો તમારી પાસે આગ ન હોત તો શી રીતે આમ થાત ? "

એમ કહીને પેલો માણસ તો ચાલ્યો ગયો. થોડી વાર પછી પેલા સાધુને વિચાર કરતાં સમજાયું કે પોતાનામાં રહેલા ક્રોધને જ પેલો ચતુર માણસ આગ કહેતો હતો !

૯

ધૈર્ય

એક વખતે પૂના શહેરમાં ભયંકર પ્લેગ ફાટી નીકળ્યો. માણસો ટપોટપ મરવા લાગ્યાં. તે વખતે લોકમાન્ય તિલક મહારાજ પૂનામાં રહેતા હતા. તેમનો જુવાનજોધ પુત્ર આ કારમા રોગનો ભોગ થઈ પડ્યો. વળી હજી પુત્રવિયોગનું દુઃખ શમ્યું ન હતું ત્યાં તો એમના એક પિતરાઈ ભાઈ અને ભાણેજ પણ એ રોગના ભોગ બન્યા !

લોકમાન્ય તિલક મહારાજ પર ભારે દુઃખ આવી પડેલું જોઈને એમના એક મિત્ર એમને દિલાસો આપવા આવ્યા.

લોકમાન્ય તિલક મહારાજે મનની સ્વસ્થતા અને શાંતિ જાળવીને કહ્યું : " અરે ભાઈ, ગામમાં હોળી સળગે ત્યારે દરેક ઘરવાળાએ છાણાં આપવાં પડે; એમ આમાં પણ થયું છે. "

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૦

કંકાસ

એક ઘરમાં એક બાઈનાં સાસુ ખૂબ અધીરા સ્વભાવનાં હતાં. વહુથી જરા કામમાં મોડું કે ઢીલ થાય એટલે સાસુજી અકળાઈ ઊઠે અને વહુ સાથે કંકાસ કરવાની શરૂઆત કરે. વહુને પાણી ભરી આવતાં જરા મોડું થાય એટલે સાસુ આકળાં બની જાય અને કહે : "કાં વહુ, તારાથી કામ વેળાસર ન થતું હોય તો ચોખ્ખી ના કહી દે ને ? લાવ, હું જ પાણી ભરી આવું." એમ કહી કંકાસની શરૂઆત કરે. વહુથી પણ છાનાં રહેવાય નહીં અને સામે બોલે; એટલે સાસુજીનું જોર વધે !

આમ રોજ ને રોજ ઘરમાં કંકાસ ચાલ્યા કરતો જોઈને વહુ ખૂબ ત્રાસી ગયાં. પણ એનો કશો ઉપાય સૂઝે નહીં. આમ રોજબરોજ કંકાસ થયા કરતો હોય એટલે ઘર અકારું જ થઈ પડે ને ! એકેય દિવસ એવો ન જાય જ્યારે ઘરમાં કંકાસ ન થયો હોય.

એક વાર એ ગામમાં એક સાધુ મહારાજ પધાર્યા. મહારાજ વિશે ગામમાં એવી વાતો થતી હતી કે, મહારાજ તો મોટા સિદ્ધ પુરુષ છે. એમની પાસે જઈએ તો આપણું કેવુંય દુઃખ હોય તે દૂર થયા વિના રહે નહીં.

વહુને એ સાંભળીને થયું કે, 'લાવને, હું પણ એ સાધુપુરુષ પાસે જાઉં અને કંકાસ મટાડવાની જડીબુટ્ટી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માગી લાવું. સાધુ મહાત્માની મહેરબાનીથી ઘરમાંથી કંકાસ ટળે તો કેવું સારું થાય ?'

એવો વિચાર કરી બીજે દિવસે કૂવા પર પાણી ભરવા જતાં રસ્તા પર વડલાની છાયા તળે બેઠેલા સાધુ મહારાજની પાસે વહુ ગયાં અને તેમને પગે પડી એક બાજુએ ઊભાં રહ્યાં.

સાધુ કહે : "માઈ, બોલો તમારી શી ઇચ્છા છે ?"

વહુ કહે : "મહારાજ, મારાં સાસુજી મારી સાથે નાની નાની વાતોમાં કંકાસ કર્યાં કરે છે! હું તો રોજ રોજ થતા આવા કંકાસથી ઘણી જ કંટાળી ગઈ છું. માટે કૃપા કરી એવી કોઈ જડીબુટ્ટી આપો જેથી ઘરમાં કંકાસ થતો અટકે."

સાધુ બોલ્યા : "ઠીક માઈ, આવતી કાલે સવારે આવજો. હું તમને એનો ઇલાજ બતાવીશ."

બીજે દિવસે ઠરાવેલા વખતે વહુ પેલા સાધુ મહારાજ પાસે ગયાં અને પગે લાગીને ઊભાં રહ્યાં.

સાધુએ તેને લાકડાના એક કકડા જેવું આપીને કહ્યું : "માઈ, આ કટકો લઈ જાઓ અને જ્યારે જ્યારે તમારાં સાસુ તમને કશુંક કહે અને કંકાસની શરૂઆત કરે, ત્યારે આ કટકાને તમારા દાંત વચ્ચે રાખજો. આ જડીબુટ્ટીના પ્રભાવથી તમારા ઘરમાં કંકાસ થતો અટકશે."

એ જડીબુટ્ટીને પોતાના પાલવને છેડે બાંધી વહુજી પ્રણામ કરી ઘેર ગયાં. વહુને પાણી ભરીને આવતાં જરા મોડું થયું હતું, એટલે હમેશની ટેવ મુજબ સાસુજી તડૂકી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઊઠયાં : "કાં વહુજી, કયાં બેસી આવ્યાં? ઘરમાં કંઈ કામ છે કે નહીં? આખો વખત બહાર ભટકયાં જ કરવું છે?"

પરંતુ વહુજીએ તો મહારાજના કહ્યા પ્રમાણે તરત જ પાલવના છેડેથી પેલા કટકાને છોડીને સાસુજી ન જુએ એમ દાંત વચ્ચે મૂકી દીધો!

આજે વહુજીને આમ મૂંગાં જોઈને સાસુ થોડી જ વારમાં શાંત પડી ગયાં. વહુને થયું કે, 'ખરેખર, જડીબુટ્ટીનો તો ભારે ચમત્કાર છે! જો ને, અબઘડીથી જ એની અસર થવા લાગી.'

આમ જ્યારે જ્યારે સાસુ વહુને બોલવાની શરૂઆત કરે ત્યારે ત્યારે વહુ પેલા કટકાને દાંત વચ્ચે મૂકી દે. અને સામે કશો જવાબ જ મળતો ન હોવાથી સાસુ થોડી વારમાં જ નરમ પડી જતાં.

થોડા દિવસમાં તો ઘરમાં કંકાસ થતો બંધ પડી ગયો. વહુ પણ મનમાં ખૂબ રાજી થયાં અને પેલા ભલા સાધુના આવવાની આતુરતાથી રાહ જોવા લાગ્યાં.

એક દિવસે ફરીથી એ સાધુ ગામમાં આવ્યા. એટલે વહુ એમને પગે પડવા ગયાં. સાધુને પગે લાગી વહુ બોલ્યાં : "મહારાજ, આપની જડબુટ્ટીએ તો અજબ ચમત્કાર બતાવ્યો! તે જ દિવસથી કંકાસ થતો અટકયો. હવે બોલો મહારાજ, મારે એ જડબુટ્ટીનું આપને શું આપવું?"

સાધુ કહે : મૈયા, આ કંઈ જડીબુટ્ટી નથી. એ તો દાતણનો કકડો જ છે! જયારે તમને તમારાં સાસુ કંઈ બોલતાં ત્યારે તમે એને તમારા દાંત વચ્ચે મૂકી દેતાં. તેથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તમે સાસુ સામે બોલી શકતાં નહોતાં. અને તમને આમ શાંત અને મૂંગાં જોઈને તમારાં સાસુ પણ ધીરાં પડી જતાં. એકલાં એકલાં તે કંઈ કંકાસ થતો હશે ? સામે કોઈ બોલનાર તો જોઈએ ને ? જાઓ, હવે એ કટકાને ફેંકી દેજો. પણ સાસુ કંઈ બોલે તો કદી એમની સામે બોલતાં નહીં, એટલે કંકાસ થશે જ નહીં."

વહુજી તો સાધુ મહારાજની એ વાત સાંભળીને નવાઈ પામ્યાં. પછી તે એમને પગે પડી રાજી થતાં ઘેર ગયાં.

૧૧

મમત્વ

ફૂલ ઉપર રહેતા એક પતંગિયાને નરકના એક કીડા સાથે ભાઈબંધી થઈ. સુગંધી ફૂલ પર બેસનારું, રહેનારું, ફરનારું પતંગિયું પેલા કીડાને આવા ગંધાતા નરકમાં રહેતો જોઈને ખેદ પામવા લાગ્યું. તે કીડાને કહે : "અરે કીડાભાઈ, તું આવી ગંદકીમાં શા માટે પડી રહ્યો છે ? એક વાર મારી સાથે મારે ફૂલ-ઘેર તો આવ. ત્યાંની સુગંધી હવા તું એક વાર ચાખ તો ખરો. પછી તને અહીં આવવાનું કદી મન જ નહીં થાય."

પરંતુ કીડાભાઈ પતંગિયાને દરરોજ કંઈ ને કંઈ બહાનું બતાવે. એને મનમાં થાય, 'ત્યાં વળી એવું તે શું હશે કે મારી અહીંની આવી સરસ હવા કરતાં સારું છે એવી આ ભાઈ ડંફાસ મારે છે ? આ પતંગિયું નકામી બડાઈ હાંકે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે. અહીં મને જેવો આનંદ અને મનપસંદ સુખ છે એવું તો ત્યાં ક્યાંથી હોય ?'

પણ પતંગિયું તો રોજ ને રોજ એને પોતાને ઘેર આવવાનું કહે. છેવટે કંટાળીને કીડાભાઈ બોલ્યા : "ઠીક ત્યારે, તું આવતી કાલે સવારે આવજે. આપણે સાથે જ નીકળીશું."

બીજે દિવસે સવારે કીડાભાઈને વિચાર આવ્યો, 'મને તો અહીંથી ક્યાંય જવાનું મન થતું નથી. ત્યાં જઈશ તો હું અકળાઈ મરીશ. વળી મને અનુકૂળ વાતાવરણ પણ ત્યાં નહીં હોય અને વધારામાં ભૂખે મરવું પડશે એ જુદું. ત્યાંની હવાથી મારી તબિયત પણ બગડી જશે. કંઈ નહીં, એક કામ કરું.' એમ વિચાર કરી તેણે નરકની બે ગોળી બનાવી અને નાકમાં ખોસી દીધી !

થોડી વાર પછી પતંગિયું આવ્યું અને કીડાને લઈને તે પોતાને ઘેર ગયું. ત્યાં કીડાને તે જાતજાતનાં ને રંગબેરંગી સુગંધી ફૂલો પર ફેરવવા લાગ્યું. તે વારે વારે કીડાને પૂછતું જાય : "કેમ ભાઈ, અહીંની હવા તારા ઘર કરતાં સારી છે કે નહીં ? તું અહીં મારી સાથે રહેતું હોય તો કેવી મજા પડે !"

પરંતુ કીડાભાઈ તો માથું ધુણાવીને કહે : "ના ભાઈ, ના. મને અહીં કંઈ વધારે સારું લાગતું નથી. જેવી હવા ત્યાં છે તેવી અહીં છે ! તો પછી મારું ઘર શું ખોટું ?"

પતંગિયું તો એ સાંભળી વિચારમાં પડી ગયું. તેણે ખૂબ બારીકાઈથી કીડાનું નિરીક્ષણ કર્યું. અને જુએ છે તો કીડાભાઈના નાકમાં નરકની ગોળી !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૨

ચોરી!

અમેરિકા દેશ જ્યારે આઝાદી મેળવવા માટે લડતો હતો ત્યારની આ વાત છે. એક દિવસે ત્યાંના એક છાપામાં નીચે પ્રમાણે જાહેરાત પ્રસિદ્ધ થઈ :—

'ચાલુ માસની પાંચમી તારીખે કોઈ એક માણસ અમારે ત્યાંથી ચામડાંનો એક ભારો ચોરી ગયો છે. તેને એવી ખબર આપવામાં આવે છે કે, એ માલનો માલિક તે માણસનો મિત્ર બનવાની સાચા દિલથી ઇચ્છા રાખે છે. જો ગરીબાઈને લીધે તેને આવું કામ કરવાની ફરજ પડી હોય તો તે માલનો માલિક એ બધી વાત કોઈને કહેશે નહીં. અને જો એને કોઈ પણ હિસાબે કશો સાચો રાહ બતાવી શકાતો હોય અને એને શાંતિ મળી શકતી હોય તો એ રીતે મદદ કરવા તથા ગુજરાન માટેની વ્યવસ્થા કરી આપવા તે ખુશીથી તૈયાર થશે.'

એ વાતને થોડા દિવસ વહી ગયા. એક દિવસે રાતે નવેક વાગ્યે એ માલિકનું બારણું કોઈએ ધીમેથી ખખડાવ્યું. માલિકે બારણું ઉઘાડ્યું અને જોયું તો ખભા ઉપર ચામડાંનો ભારો લઈને એક માણસ ઊભો હતો. પેલા માણસે શરમથી નીચી નજર રાખીને કહ્યું : "શેઠજી, હું આ ચામડાં પાછાં લાવ્યો છું. એને ક્યાં મૂકવાં છે એ મને કહો."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માલિક બોલ્યો : "ભાઈ, ઊભો રહે. હું દીવો સળગાવીને આવું છું. પછી આપણે મારી વખારે આ ભારો મૂકવા જઈએ. પછી ઘેર આવીને નિરાંતે વાતો કરીશું."

જ્યારે તેઓ ભારો વખારે મૂકીને પાછા ઘેર આવ્યા, ત્યારે એ માલિકની પત્નીએ મેજ ઉપર ગરમાગરમ કૉફી અને ખાવાનું મૂક્યાં.

પેલો માણસ તો મનમાં ખૂબ અકળામણ અનુભવતો હતો. તે નીચી નજર રાખી બોલ્યો : "મેં મારી જિંદગીમાં પહેલી જ વાર આ ચોરી કરી છે! તેથી મને ખૂબ શરમ આવે છે અને પસ્તાવો પણ થાય છે. મને ચોરી કરવાની કુબુદ્ધિ શી રીતે સૂઝી? ખરેખર, દારૂ એ બહુ જ બૂરી ચીજ છે. માણસને એ સેતાન બનાવી મૂકે છે. મને કેટલા વખતથી દારૂ પીવાની બૂરી ટેવ પડી હતી. પછી તો હું જેની તેની સાથે મારામારી કરવા લાગ્યો. ત્યાર પછી ખોટે માર્ગે પણ વળ્યો. હું ખૂબ પતિત થઈ ગયો છું. બધા જ મને હડધૂત કરે છે. ભાઈ, તમે જ એક એવા મળ્યા, જે મને સહાય કરવા તૈયાર થયા છો. ભગવાન તમારું ભલું કરો! દારૂને ખાતર મારે ચોરી કરવી પડી. હું તમને સાચું કહું છું કે, જિંદગીમાં પહેલી જ વાર મેં ચોરી કરી છે."

પેલો ભલો માલિક બોલ્યો : "મિત્ર, આને હવે છેલ્લી જ ચોરી ગણજે. આ વાત હું કોઈને કહીશ નહીં. તમારું નામ છાનું રાખીશ. તું મને હવે વચન આપ કે હવે પછી કદી પણ દારૂ નહીં પીઉં. હું તને કાલે સારા પગારે નોકરીમાં રાખીશ. હવે બધું ભૂલી જા અને હમણાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થોડુંક ભોજન કર ને ગરમાગરમ કોફી પી. તારી પત્ની અને છોકરાંને ખાતર પણ હવે તું સુધર.”

અને ખરેખર, થોડા જ દિવસમાં પેલો માણસ સદાચારને માર્ગે વળ્યો અને પોતાના કુટુંબને ઉપકારક બન્યો.

૧૩
ધર્મબુદ્ધિ

સંત ઇબ્રાહીમ નામે એક મોટા મુસલમાન સાધુપુરુષ થઈ ગયા. ઇબ્રાહીમ એક વાડીમાં કામ કરતા હતા. એક દિવસે એ વાડીનો શેઠ કેટલાક મિત્રો સાથે વાડીમાં સહેલગાહે આવ્યો હતો. શેઠે ઇબ્રાહીમને બોલાવીને કહ્યું: “ઇબ્રાહીમ, વાડીમાંથી થોડાં ફળ તો તોડી લઈ આવ. મહેમાનોને આ વાડીનાં ફળ ચાખવાં છે. માટે સારાં પાકેલાં જોઈને લઈ આવજે.”

ઇબ્રાહીમ થોડી વારમાં કેટલાંક ફળ તોડીને એક ટોપલીમાં મૂકી લઈ આવ્યો. શેઠ અને તેના મિત્રો ફળ ખાવા લાગ્યાં. પણ ઘણાંખરાં ફળ ખાટાં નીકળ્યાં! એ જોઈને શેઠે કહ્યું: “અલ્યા ઇબ્રાહીમ, તું આવાં કેવાં ફળો લઈ આવ્યો? જે ઝાડનાં ફળ મીઠાં હોય ત્યાંથી તોડી લાવતાં શું થયું? તેં તો જાણે વેઠ જ ઉતારી છે! જેવાં તેવાં ફળ ભેગાં કરીને લઈ આવ્યો. એવી ઉતાવળ શી હતી? અહીં આટલો વખત વાડીમાં રહીને કરે છે શું?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તને એટલીય ખબર નથી કે કયાં ઝાડનાં ફળો મીઠાં અને સારાં છે?"

ઇબ્રાહીમ શાંત અવાજે બોલ્યા : "શેઠજી, પણ મને શી રીતે ખબર પડે કે કયાં ઝાડનાં ફળ મીઠાં છે?"

એ સાંભળી શેઠ જરા ઊંચે સાદે બોલ્યો : "વાહ, તું પણ ખરો છે! તું વાડીમાં રહે છે કે બહાર જંગલમાં? આટલા વખતથી વાડીમાં રખેવાળું કરે છે ને આટલુંય જાણતો નથી?"

સંત ઇબ્રાહીમ કહે : "શેઠજી, મેં આ વાડીનાં ફળ કદી ચાખ્યાં નથી. એટલે મને શી રીતે ખબર પડે કે કયાં ઝાડનાં ફળ મીઠાં છે?"

શેઠ નવાઈ પામી બોલ્યો : "ખરેખર, તેં આ વાડીનાં ફળ કદી ચાખ્યાં જ નથી? એ શી રીતે બને?"

સંત ઇબ્રાહીમ બોલ્યા : "શેઠજી, આપે મને વાડીમાં રખેવાળ તરીકે રાખ્યો છે. મારો ધર્મ એ છે કે, કોઈ આ વાડીનાં ફળ રજા વિના ન તોડે એની રખેવાળી મારે કરવી. આપે પણ મને એ માટે જ અહીં રાખ્યો છે. જો હવે હું ફળની રખેવાળી કરવાને બદલે તમારી રજા વિના ફળ ખાવા માંડું તો કેવું કહેવાય? હું મારો રખેવાળ તરીકેનો ધર્મ જ ચૂકું ને?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૪

લાગવગ

અમેરિકા દેશ આઝાદ થયો, ત્યારે તેના પ્રથમ પ્રમુખ જ્યોર્જ વૉશિંગ્ટન થયા હતા. તે ખૂબ જ પ્રખ્યાત બન્યા હતા.

એક વાર તેમને સારા પગારથી એક માણસને સરકારી કામ અંગે રોકવાની જરૂર પડી. તે જગ્યા બહુ મોટા દરજ્જાની હતી અને પગાર પણ વધારે હતો. એટલે ઘણા માણસોએ એ જગ્યા માટે ઉમેદવારી નોંધાવી. તે માટે ઘણી અરજીઓ કચેરીમાં આવીને પડી. તેમાં વૉશિંગ્ટનના એક ખાસ મિત્રની પણ અરજી હતી.

ઘણાખરા માણસોને એવી ખાતરી હતી કે, તે મોટી જગ્યા વૉશિંગ્ટનના એ ખાસ મિત્રને જ મળશે. પેલા મિત્રને પણ ઊંડે ઊંડે એમ લાગતું હતું કે, એ જગ્યા માટે પોતાની નિમણૂક અવશ્ય થશે. તેથી તે ખૂબ નિશ્ચિંત હતો.

પરંતુ પ્રમુખ જ્યોર્જ વૉશિંગ્ટનને પોતાના દેશ માટે સાચી લાગણી હતી. તે આવા જવાબદારીભર્યા કામમાં પ્રામાણિકપણે તેમ જ સાવધાનતાથી વિચાર કર્યા વિના રહે ખરા ? મિત્ર હોય કે સગો હોય, એ બધા જ એમને મન સરખા હતા; અને એ સૌ ઉમેદવારોમાંથી વધારે લાયક માણસને જ ચૂંટવાનો તેમણે નિશ્ચય કર્યો હતો.

થોડા વખતમાં પરિણામ જાહેર થયું. પેલા મિત્રને તે જગ્યા ન મળી ! પણ આશ્ચર્યની વાત તો એ હતી કે,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વૉશિંગ્ટને પોતાના પક્ષથી વિરુદ્ધ પક્ષના એક માણસને ચૂંટચો હતો.

એ વાતની સૌને જાણ થતાં જ્યૉર્જ વૉશિંગ્ટનના કેટલાક સાથીઓએ તેમને પૂછ્યું : "આપે આપના ખાસ મિત્રને એ જગ્યા આપવાને બદલે વિરુદ્ધ પક્ષના માણસને શા માટે એ જગ્યા માટે લાયક ગણ્યો ?"

વૉશિંગ્ટન બોલ્યા : "મારો એ મિત્ર એક સારા મિત્ર તરીકે બરોબર છે. પરંતુ પેલી જગ્યા માટે એમની પાસે પૂરતી તૈયારી નથી એમ હું માનું છું. વળી જાહેર જવાબદારીભર્યા કામમાં લાગવગને સ્થાન ન જ હોવું જોઈએ. પેલો માણસ ભલે વિરુદ્ધ પક્ષનો છે, પરંતુ તે એ જગ્યા માટે પૂરતો લાયક છે."

૧૫

મરણ

મહારાષ્ટ્રમાં એકનાથ નામે એક જાણીતા સંત થઈ ગયા. એક વાર એક માણસ એકનાથ પાસે આવીને કહેવા લાગ્યો : "અરે મહારાજ, આપનું જીવન આટલું શાંત અને મધુર શી રીતે છે? મારા જીવનમાં કેમ બધે અશાંતિ, ધમાલ, અસંતોષ તથા ગીધડાના જેવી લોભવૃત્તિ છે? મારો જીવ શા માટે આમતેમ વલખાં માર્યાં કરે છે? સખણો થઈને એ કેમ ઠેકાણે બેસતો નથી?"

એકનાથજી કહે : "અરે ભાઈ, એ બધી વાત હમણાં જરા બાજુએ મૂકી દો ને! મારે તમને એક ખાસ જરૂરી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાત કહેવી છે. આજે વહેલી સવારે મને એક અજબ સ્વપ્નું આવ્યું. તેમાં ભગવાને આવીને મને એવું કહ્યું કે, તમારું મરણ આજથી આઠમે દિવસે થનાર છે! સારું થયું કે તમે જાતે જ અહીં આવ્યા. નહીં તો સવારથી હું એ જ વિમાસણમાં હતો કે, તમને મારે આવા માઠા સમાચાર શી રીતે પહોંચાડવા?"

પેલો માણસ તો એકનાથ મહારાજની આ વાત સાંભળીને ઠંડો થઈ ગયો! તે તો વધુ કંઈ બોલ્યા વિના સીધો ઘેર ગયો. જેની જેની સાથે તેને બોલાચાલી થઈ હતી એ સૌની તે માફી માગવા લાગ્યો. તેણે પોતાની પાસે જે કંઈ ખોટે રસ્તે મેળવેલું ધન હતું તે બધું ગરીબગુરબાંઓને વહેંચી દીધું. નકામી જંજાળમાં પડવાનું તેણે છોડી દીધું. જેટલો વખત મળે એ બધો તે ધર્મ-ધ્યાનમાં પસાર કરવા લાગ્યો.

આઠમે દિવસે સવારે એકનાથ એને ઘેર ગયા. પેલો માણસ એકદમ શાંત બની ગયો હતો! એકચિત્તે તે 'રામ, રામ'નું રટણ કરતો હતો. એકનાથને જોઈ તે બોલી ઊઠ્યો: "મહારાજ, મહારાજ! હવે કહો, મારા મરણની હજી કેટલી વાર છે?"

એકનાથ બોલ્યા: "એ તો ભગવાન જાણે! પરંતુ પહેલાં મને કહો તો ખરા, તમે છેલ્લા આઠ દિવસ કેવી રીતે પસાર કર્યા?"

પેલો માણસ શાંત તેમ જ દીન અવાજે બોલ્યો: "મહારાજ, આપની વાત સાંભળ્યા પછી બસ આખો વખત મારી આંખ સામે મરણ જ આવીને ઊભું રહે છે...."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એકનાથે વચ્ચે જ પૂછ્યું : "પણ આટલા દિવસમાં તમે ખરાબ કામ કેટલાં કર્યાં ? કેટલાનું બૂરું ચાહ્યું ?"

પેલો માણસ કહે : "અરે મહારાજ, જ્યારે મરણ જ આંખ સામે આવીને ખડું હોય ત્યારે ખરાબ વિચાર સુધ્ધાં કરવાનો વખત ક્યાં રહે છે ? અને હવે વધારે પાપમાં પડીને છેલ્લી ઘડીએ શા માટે દુઃખ વહોરી લેવું ? જેટલાં બને તેટલાં સારાં કામો કરવાનું જ મને મન થાય છે. જે કંઈ પુણ્ય થયું એટલું ઓછું જ છે. આખરે મરણ પછી તો આપણે જે કંઈ સારુંનરસું કરેલું હોય એ જ સાથે આવવાનું છે ને ? તો પછી શા માટે ભલાઈ લઈને ન જવું ?"

એકનાથ મહારાજ એ માણસની આવી ડહાપણભરી વાતો સાંભળીને ખડખડ હસતા હસતા બોલ્યા : "અરે ભાઈ, તમારું મરણ આટલું ટૂંકડું નથી જ. એ તો તમે મને જે સવાલ પૂછ્યો હતો તેનો સીધો જવાબ આપવાને બદલે એ વાતનો તમે જાતે જ અનુભવ કરો એ ઇચ્છાએ તમને એ રીતે મેં કહ્યું હતું. ભાઈ, હવે તમને સમજાયું હશે કે શા માટે મારું જીવન બીજા સંસારી લોકો કરતાં જુદું પડે છે. ભાઈ, એક દિવસ સૌને જવાનું જ છે. તો પછી મરણને સામે રાખીને સદ્વ્યવહાર કરીએ તો જીવનમાં શાંતિ શા માટે ન આવે ? હવે તમારા સવાલનો જવાબ મળી ગયો ને ?"

પેલો માણસ બાપડો શું બોલે ? તે તો એકનાથ મહારાજને ચરણે નમી પડ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૬

બદબો અને અસ્વચ્છતા

એક ફકીર હતો અને એક સાધુ હતો. બંને જણ ગામેગામ સાથે જ ફરે, ભજન ગાય, ખુદાનું નામ લે અને બધાંને સારો ઉપદેશ આપે. એ બંનેનાં ભક્તિપરાયણ જીવનની અસર બધા ગામલોકો પર પડતી અને સઘળે એમનાં ગુણગાન થવા લાગ્યાં.

એક દિવસે એ બંને જણ ફરતા ફરતા એક નાનકડા શહેરમાં આવ્યા. ત્યાંના એક મોટા વેપારીને એમના આગમનની ખબર પડી. તે દોડતો દોડતો એમની પાસે આવ્યો અને અરજ કરવા લાગ્યો: "ફકીરબાબા, આપ મારે ઘેર ઉતારો કરો."

ફકીર કહે: "ના ભાઈ, ના. તારે ત્યાં તો બધે બદબો છે! મારાથી ત્યાં ન રહેવાય."

વેપારી વિચાર કરવા લાગ્યો, 'અરે, હું મારા મકાનને એટલું ચોખ્ખું રાખું છું કે ત્યાં બદબો હોય જ ક્યાંથી!'

પછી તેણે સાધુને વિનંતી કરી કહ્યું: "હે મહારાજ, આપ મારે ઘેર પધારવા કૃપા કરો."

સાધુ કહે: "ના ભાઈ, ના. તારે ત્યાં તો બધે અસ્વચ્છતા છે! મારાથી ત્યાં પગ પણ ન મુકાય."

વેપારી તો હેબતાઈ જ ગયો! પણ તેણે તો જ્યાં આ સંતપુરુષો જાય ત્યાં જવાનો નિશ્ચય કર્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાધુ અને ફકીર ચાલતા ચાલતા એક કસાઈની દુકાને આવીને ઊભા રહ્યા. પેલો કસાઈ તો આ બે સંતોને પોતાને બારણે પધારેલા જોઈને ભક્તિઘેલો બની ગયો અને તેમનાં ચરણમાં ઢળી પડ્યો. પછી તેણે બહુ ભાવથી તેઓનું સ્વાગત કર્યું.

વેપારી તો આસપાસ બધે માંસ પડેલું જોઈને એની બદબોથી અકળાઈ ગયો અને નાકે રૂમાલ ધરવા લાગ્યો!

થોડી વારમાં પેલા કસાઈએ દુકાન બંધ કરી. પોતાને આંગણે સંતપુરુષ આવ્યા હોય ત્યારે તેને કામ કરવાનું ક્યાંથી મન થાય? એ બંનેને લઈ પોતાને ઘેર ગયો. વેપારી પણ સાથે જ ગયો. ત્યાં પણ કાપેલાં પશુનાં હાડકાંચામડાં પડેલાં હતાં અને બધું અસ્વચ્છ દેખાતું હતું.

વેપારી તો આ બધું જોઈને વિચારમાં જ પડી ગયો!

કસાઈને ઘેર થોડી વાર બેઠા પછી સાધુ અને ફકીર એ ભાવિક કસાઈની રજા લઈને ત્યાંથી જવા ઊઠ્યા. વેપારી તો વિચારમાં ડૂબ્યો હતો. સાધુ અને ફકીર શહેરનો દરવાજો ઓળંગી બીજે ગામ જવા લાગ્યા. વેપારી તરત જ તેઓને પગે પડ્યો અને કરગરીને બોલ્યો: “હે સાધુજન! મને કૃપા કરી સમજાવો કે આપ મારે ત્યાં શા માટે ન આવ્યા? મારે ત્યાં બદબો અને અસ્વચ્છતા ક્યાંય જોવા મળે એમ નથી. ઊલટું પેલા કસાઈને ત્યાં બધે બદબો અને અસ્વચ્છતા હતી. તો પછી આપ મારે ત્યાં પધારવાને બદલે કસાઈને ત્યાં શા માટે ગયા?”

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ફકીર બોલ્યો : "તારે ત્યાં અમને બદબો આવે છે! કારણ કે તું અપ્રામાણિકપણે વેપાર કરે છે, ખોટી રીતે પૈસા ભેગા કરે છે. તેથી તારે ત્યાં પ્રભુના પ્રેમની સુવાસ નથી, સેતાનની બદબો છે. માટે અમે તારે ત્યાં આવીએ તો, જેમ તેં કસાઈની દુકાને નાકે રૂમાલ ધર્યો હતો તેમ અમને પણ નાક બંધ કરવું પડે. પેલો કસાઈ ભલે કેવો પણ ધંધો કરે છે તોયે તે પોતાના ધંધામાં પ્રામાણિક છે. તે ખુદાની રોજ બંદગી કરે છે, ભૂખ્યાંને અન્ન આપે છે. તેથી ત્યાં બધે ખુદાની સુવાસ ફેલાયેલી છે."

પછી સાધુ બોલ્યો : "તારે ત્યાં બધે અસ્વચ્છતા છે! કારણ કે તું કેટલાયે લોકોનું લોહી ચૂસીને ધન કમાયો છે. કેટલાયે ગરીબ લોકોનાં મોંમાંથી રોટલો ઝૂંટવી લઈને તું મોજ માણે છે. તેથી અમને તો તારે ત્યાં બધે લોહી, ગરીબની હાય અને તેઓનાં છૂપાં રુદન જ દેખાય. એ બધું તારા ઘરના વાતાવરણને મલિન કરી દે છે. પેલા કસાઈને ત્યાં ભલે જેવું તેવું પડ્યું હોય તોયે ત્યાં મહેનતની વિમળતા નજરે પડે છે. જ્યાં સચ્ચાઈ છે ત્યાં પ્રભુનો વાસ છે, બધે પ્રભુનું ગીત સંભળાય છે, બધે સાચો આનંદ પથરાયેલો હોય છે. કસાઈને ત્યાં પ્રભુના વાસને લીધે અમને બધે સ્વચ્છતા જ દેખાય છે. પણ જો અમે તારે ત્યાં આવીએ તો જેમ તું કસાઈને ઘેર અકળાઈ ગયો હતો તેમ તારે ત્યાં અમે પણ અકળાઈ મરીએ!"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૭

ભલાઈ અને બૂરાઈ

એક વાર હજરત મહંમદ પેગંબર સાહેબ નદીમાં નાહતા હતા. તેવામાં તેમણે એક વીંછીને પાણીમાં તણાતો જોયો. એ બાપડો તરફડિયાં મારતો હતો. બહાર નીકળવા તે પ્રયત્ન કરતો હતો, પણ પાણીના પ્રવાહ સામે તેનું કશું ચાલતું નહોતું.

પેગંબર સાહેબને એ વીંછીની દયા આવી. તેમણે તેને હાથમાં લઈ બહાર કાઢવા માંડ્યો. ત્યાં તો પેલા વીંછીએ તેમને ડંખ માર્યો અને પાછો પાણીમાં તે તણાવા લાગ્યો.

મહંમદ પેગંબર સાહેબનું હૃદય ખૂબ દયાળુ હતું. હાથ પર વીંછી કરડ્યો હતો તોયે એ વીંછીને બચાવવાના વિચારમાં તેઓ પોતાની એ વેદના ભૂલી ગયા. તેમણે ફરીને પેલા વીંછીને બહાર કાઢવા માંડ્યો. ફરીને વીંછી તેમને કરડ્યો અને પાણીમાં પડ્યો!

રહેમદિલ પેગંબર સાહેબ પર બીજા ડંખની પણ કશી અસર ન થઈ. તેમણે ત્રીજી વાર પેલા તણાતા વીંછીને બહાર કાઢવા પ્રયત્ન આદર્યો.

આ બધું એક માણસ કિનારે ઊભો ઊભો ક્યારનો જોયા કરતો હતો. તેણે પેગંબર સાહેબને હસતાં હસતાં કહ્યું: “અરે, મહંમદ સાહેબ, આ દુષ્ટ વીંછી પોતાની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દુષ્ટતા છોડતો નથી. ભલાઈનો બદલો એ બૂરાઈથી આપે છે! એવા દુષ્ટને શા માટે મદદ કરવી જોઈએ? એને મરવા દો ને?"

હજરત મહંમદ પેગંબર સાહેબ શાંતિથી બોલ્યા: "ભાઈ, એ એની બૂરાઈ નથી મૂકતો, તો પછી હું મારી ભલાઈ શા માટે મૂકું?"

૧૮

સદ્ભાગ્ય–કમભાગ્ય

ચીન દેશના એક મહાન ફિલસૂફ લીત્ઝેની આ વાર્તા છે:

એક ડોસો હતો. તે પોતાના એકના એક દીકરા સાથે રહેતો હતો.

એક દિવસે તેનો ઘોડો ખોવાઈ ગયો. પાડોશીઓને એની જાણ થતાં તેઓ ડોસાને દિલાસો આપવા આવ્યા.

ડોસો કહે: "ભાઈઓ, આ મારું કમભાગ્ય છે એમ તમે શી રીતે જાણ્યું?"

થોડા દિવસ પછી એવું બન્યું કે તેનો પેલો ખોવાયેલો ઘોડો બીજા પંદર વીસ જંગલી ઘોડાઓને સાથે લઈને પાછો ઘેર આવ્યો. પાડોશીઓને આ વાતની ખબર પડી. એટલે તેઓ ભાગ્યશાળી ડોસાને અભિનંદન આપવા દોડી આવ્યા.

ડોસો તો પહેલાંના જેટલી જ સ્વસ્થતાથી બોલ્યો: "અરે ભાઈઓ, તમે શી રીતે જાણ્યું કે આ મારું સદ્ભાગ્ય છે?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હવે એ ડોસા પાસે ઘણા ઘોડા થયા. એટલે ડોસાનો દીકરો ઘોડા પર બેસી દૂર દૂર સુધી ફરવા જવા લાગ્યો.

એક દિવસે તે ઘોડા પરથી પડી ગયો અને તેનો એક પગ ભાંગી ગયો. પાડોશીઓને આ માઠા સમાચારની જાણ થતાં તેઓ ડોસાને દિલાસો આપવા આવ્યા.

ડોસો હસતાં હસતાં કહે : " ભાઈઓ, મારા દીકરાનો પગ ભાંગ્યો એ મારું કમભાગ્ય છે એમ તમે શી રીતે જાણ્યું ? "

બીજે વરસે એવું બન્યું કે ચીન દેશમાં યુદ્ધ ફાટી નીકળ્યું. ઘેર ઘેરથી જુવાન દીકરાઓને લડાઈમાં ફરજિયાત લઈ જવામાં આવ્યા. ઘણાં માબાપોને તો પોતાના એકના એક વહાલસોયા પુત્રને પણ કમને મોકલવાની ફરજ પડી. પરંતુ પેલા ડોસાના દીકરાનો પગ ભાંગેલો હોવાથી તેને લડાઈમાં જવું ન પડ્યું !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૯

માન અને અપમાન

અસલના વખતમાં મિસર દેશમાં મેકેરિયસ નામે એક સંત થઈ ગયા. એક દિવસે એક માણસ સંત મેકેરિયસ પાસે આવ્યો અને કહેવા લાગ્યો : "હે સંતપુરુષ, મને મુક્તિનો મારગ દાખવો."

સંતપુરુષ બોલ્યા : "કબ્રસ્તાનમાં જા અને મુડદાંઓને ગાળો ભાંડી આવ."

પેલો માણસ કબ્રસ્તાનમાં ગયો અને મોટેથી બધી કબરોને ગાળો ભાંડીને પાછો સંત પાસે આવ્યો.

સંતે પૂછ્યું : "કાં, તને ત્યાં કોઈએ કશો જવાબ આપ્યો ખરો કે ?"

પેલા માણસે કહ્યું : "ના જી, મને ત્યાં કોઈએ કશું કહ્યું નહિ !"

પછી સંત કહે : "હવે તું પાછો ત્યાં જા અને બધાં મડદાંઓનાં ખૂબ ખૂબ વખાણ કરી આવ."

પેલો માણસ એ પ્રમાણે કરીને સંતપુરુષ પાસે પાછો આવ્યો.

સંતે પૂછ્યું : "કેમ, હવે કોઈએ કશો જવાબ આપ્યો ખરો કે ?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પેલો માણસ બોલ્યો: "ના જી, મને કોઈએ કશો જવાબ આપ્યો નહિ. પહેલાંની પેઠે જ બધે શાંતિ છવાયેલી રહી હતી."

સંત એ સાંભળીને બોલ્યા: "આ જ છે મુક્તિનો મારગ."

પેલા માણસને તો એમાં કશી સમજ પડી નહીં! એ તો મૂંઝાઈ ગયો. તેણે પગે પડી સંતને પૂછ્યું: "હે ધર્માત્મા, આપ આમ મારી શા માટે મશ્કરી કરો છો? મને તો આમાં કશી સમજ પડતી નથી!"

સંત મૅકેરિયસ બોલ્યા: "ભાઈ, આ જ મોક્ષનો સાચો મારગ છે. તું પણ મરણને વશ આ સૌ લોકો વચ્ચે માન-અપમાનથી અલિપ્ત થઈને રહે. જેમ સૌ મુડદાંઓને માન કે અપમાનની કશી અસર થઈ નહિ, તેમ આ સંસારમાં તું પણ એ રીતે રહે કે જેથી તને પણ માન-અપમાનની કશી અસર ન થાય. એમાં જ તારી મુક્તિ છે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૦

શ્રમ અને આરામ

એક વાર મહાન પંડિત અને વિદ્વાન વિષ્ણુશર્મા કેટલાક છોકરાઓને ભેગા કરીને સામાન્ય રમત રમતા હતા.

એટલામાં તેમના પંડિત-મિત્રો ત્યાં આવી પહોંચ્યા. મહાન પંડિત ગણાતા વિષ્ણુશર્માને છોકરાઓ સાથે આવી બાલિશ રમત રમતા જોઈને તેઓ તેમની મશ્કરી કરતા બોલ્યા : " અરે પંડિતજી, તમને આ શું ઘેલું લાગ્યું ? મોટા વિદ્વાન થઈને તમે આવી રમતો રમવા ક્યાં મંડી પડ્યા ? કોઈને જરા શાસ્ત્ર શીખવું હોય અથવા અમારે કોઈ કૂટ પ્રશ્નની શાસ્ત્રીય ચર્ચા કરવી હોય ત્યારે તમારો અમૂલ્ય સમય નકામો બગડશે એવો અમને હંમેશ સંકોચ રહે છે; જ્યારે તમે તો આમ છોકરાઓ સાથે રમવામાં તમારો કીમતી સમય વેડફી રહ્યા છો ! "

પંડિત વિષ્ણુશર્મા હસતે મુખે બધું સાંભળી રહ્યા. બધા જરા શાંત થયા એટલે તેમણે એક છોકરાને કહ્યું : " જરા ઘરમાં જઈને એક ધનુષ લઈ આવ તો. "

પેલો છોકરો દોડતો જઈને ધનુષ લઈ આવ્યો.

વિષ્ણુશર્માએ ધનુષની દોરી ઉતારી નાખી અને પોતાના પંડિત મિત્રો સામે એ મૂકીને તે બોલ્યા : " દોસ્તો, એ વાત હમણાં જરા બાજુએ મૂકો. પહેલાં મારું આ ઉખાણું છોડી આપો તો તમે ખરા. "

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પંડિતો તો માથાં ખંજવાળવા લાગ્યા. આનો શો અર્થ થતો હશે ભલા? કંઈ સમજાતું નથી! પંડિતજી શું કહેવા માગે છે એનો કશો મર્મ સમજાતો નથી!

પંડિતોને આમ ગૂંચવાઈ ગયેલા જોઈને વિષ્ણુશર્મા બોલ્યા: "મિત્રો, આ ધનુષ જેવું આપણું મન છે. જો ધનુષ્યને હંમેશાં દોરી ચડાવીને વાંકું રાખી મૂકીશું તો તેની મજબૂતી થોડા વખતમાં જ ઘટી જશે અને તે વહેલું ભાંગી જશે. પરંતુ જ્યારે જ્યારે એનું કામ પડે ત્યારે ત્યારે જ તેને વાંકું વાળવામાં આવે તો તે ઘણા દિવસ ટકે અને કામ પણ સારું આપે. મનને પણ એ જ પ્રમાણે વચ્ચે વચ્ચે આરામ આપવો જરૂરી છે."

૨૧

પારકું અને પોતાનું

એક વખતે બાજીરાવ પેશવાએ માળવા દેશ પર ચડાઈ કરી. થોડા વખત પછી પાછા ફરતાં રસ્તામાં એ લોકો પાસે અનાજ ખૂટી ગયું. એટલે બાજીરાવે પોતાના નાયકને થોડા માણસો સાથે આસપાસના પ્રદેશમાંથી અનાજ લઈ આવવા મોકલ્યો.

નાયક અને તેના માણસો ડુંગરાળ અને ઉજ્જડ પ્રદેશમાં કેટલાય ગાઉ સુધી ભટક્યા. પણ ક્યાંયે અનાજ કે માણસ દેખાય નહીં.

છેવટે તેઓએ એક ઘરડા માણસને આવતો જોયો. તરત જ તેઓ એની પાસે ઘોડા દોડાવીને ગયા અને બોલ્યા:

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"એ ડોસા, અમે બાજીરાવ પેશવાના માણસો છીએ. આટલામાં કોઈ અનાજવાળું ખેતર છે કે? એ અમને બતાવ, નહીં તો તને આજે જીવતો જવા નહીં દઈએ."

પેલા વૃદ્ધ માણસે ધીમેથી કહ્યું: "મારી પાછળ પાછળ આવો. હું તમને અનાજવાળું ખેતર બતાવું."

થોડે દૂર ગયા એટલે એક ખેતર આવ્યું. તે જોઈને નાયક અને તેના સાથીદારો ખુશ ખુશ થઈ ગયા. પણ પેલા વૃદ્ધ માણસે કહ્યું: "સરદારસાહેબ, આ ખેતર કરતાં પણ વધારે અનાજવાળું ખેતર થોડે દૂર છે. ત્યાંથી આપને જેટલું અનાજ જોઈએ તેટલું લેજો."

એકાદ ગાઉ ચાલ્યા પછી એક બીજું ખેતર આવ્યું. એ ખેતર પેલા ખેતર કરતાં મોટું ન હતું અને તેમાં પાક પણ સારો ન હતો. તેથી નાયક પેલા ડોસા પર ગુસ્સે થઈને બોલ્યો: "હરામખોર, અમને આટલું બધું રખડાવી આવા નકામા ખેતર પાસે શા માટે લઈ આવ્યો? તારું આવી બન્યું છે કે શું?"

પેલા વૃદ્ધ માણસે શાંતિથી કહ્યું: "નાયકસાહેબ, પેલું ખેતર પારકાનું હતું. પારકાના માલને આમ લૂંટાવી દેવાનો મને શો અધિકાર છે? આ ખેતર તો મારી પોતાની માલિકીનું છે. તમને જેટલું અનાજ જોઈએ તેટલું ખુશીથી મારા ખેતરમાંથી લઈ જાઓ."

આ સાંભળીને નાયક અને તેના સાથીદારો નવાઈ પામી પેલા પરોપકારી વૃદ્ધ માણસને જોઈ જ રહ્યા!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૨

ધનસંચય

એક વાર ગુરુ નાનક સાહેબ બગદાદ ગયા હતા. તે વખતે બગદાદ પર ખલીફાની સત્તા હતી. તે સમયનો ખલીફ બહુ અત્યાચારી હતો. બધાની પાસેથી તે જોરજુલમ કરી ઘણું ધન પડાવી લેતો હતો. એ રીતે તેણે પોતાના ખજાનામાં અખૂટ ધનસંચય કર્યો હતો. તોયે તેને એટલાથી સંતોષ થતો નહોતો. તેણે તો રૈયત પાસેથી જેટલું ધન લઈ શકાય એટલું લેવા માંડ્યું. આથી લોકો તેનાથી ખૂબ ત્રાસી ગયા હતા. માણસોને વાપરવા પૂરા પૈસા નહોતા મળતા, જ્યારે ખલીફાનો ખજાનો દિવસે દિવસે ધનથી ચિકાર થતો જતો હતો!

ગુરુ નાનક બગદાદમાં પધાર્યા છે એની જાણ થતાં ખલીફ પણ તેમને મળવા ગયો. નાનક સાહેબે આસપાસથી થોડા કાંકરા વીણીને તેમાંથી સો કાંકરા ગણીને એક બાજુએ મૂક્યા.

આ જોઈને ખલીફ નવાઈ પામી પૂછવા લાગ્યો: "નાનક સાહેબ, આપે આ કાંકરા શા માટે ભેગા કરી બાજુએ મૂક્યા છે?"

ગુરુ નાનક બોલ્યા: "તમને મારી અનામત તરીકે સાચવવા આપવા માટે એ સો કાંકરા મેં ભેગા કરી રાખ્યા છે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખલીફ બોલ્યો: "ઠીક, આપ એ અનામત પાછી ક્યારે લઈ જશો?"

નાનક સાહેબ કહે: "મારે કશી ઉતાવળ નથી. કયામતને દિવસે ખુદાના દરબારમાં હું પણ હોઈશ ને? તમે તે વખતે આ સો કાંકરા લેતા આવજો."

ખલીફે અચંબો પામીને પૂછ્યું: "અરે નાનક સાહેબ! આપ આ શું બોલ્યા? કયામતના પાક દિવસે આવી નજીવી ચીજને સાથે લઈ જવાય ખરી?"

એ સાંભળી ગુરુ નાનક સાહેબ શાંત અવાજે બોલ્યા: "ખલીફ સાહેબ, એ તો હુંયે જાણું છું કે આવી નજીવી વસ્તુનો તે દિવસે કશો ખપ ન પડે. અરે, એ પાક દિવસે આ દુનિયાની કોઈ પણ ચીજ સાથે લઈ જવાતી નથી. ત્યાં તો ખુદાની હાજરીમાં ખાલી હાથે ઊભા રહીને આપણે શું કર્યું અને શું નહિ એનો હિસાબ આપવાનો છે. પણ તમે તમારી રૈયત પર આટલો અત્યાચાર ગુજારીને, તેઓને ભૂખે મારીને, હેરાનપરેશાન કરીને આટલા અખૂટ ધનનો જે સંચય કર્યો છે એ શું તમે અહીં જ છોડી જવાના છો? એ બધું સાથે લઈ જવા માટે જ ભેગું કરતા હશો ને? નહીં તો પછી આટલો બધો નાહક અનાચાર કરવાની શી જરૂર? તેથી મને થયું કે, આટલી અઢળક દોલતની સાથે સાથે મારા આટલા સો જેટલા કાંકરા તમે ત્યાં લઈ આવો તો એમાં તમને શો ભાર પડવાનો છે? ભલે, તમે મારા એટલા કાંકરા પણ સાથે લેતા આવો!"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગુરુ નાનક સાહેબનાં આવાં મર્માળાં વચનો સાંભળીને ખલીફની સાન ઠેકાણે આવી અને તેણે ત્યારથી એ સઘળી દોલત ગરીબગુરબાંઓને ખેરાત કરવામાં વાપરવા માંડી.

૨૩

વાનર – ચિકિત્સા !

એક વનમાં એક વાર એક વાંદરો હાથમાં પકડેલી ડાળી છટકી જતાં ઝાડ પરથી નીચે પડી ગયો. અને નીચે પછડાતાં તેને પગમાં થોડી ઈજા થઈ.

ઘામાંથી લોહી નીકળતું જોઈ તે પાસેના ઝરણા નજીક જઈને જખમ ધોવા લાગ્યો. એવામાં બીજો વાંદરો ત્યાં આવ્યો અને પૂછવા લાગ્યો : " કાં ભાઈ, આ શું થયું? ખૂબ લોહી નીકળે છે ને ! "

પેલા વાંદરાએ શું થયું હતું એ બધું કહ્યું. એટલે બીજો વાંદરો કહે : " જો ભાઈ, જખમની બરોબર કાળજી લેજે. હું તને વનસ્પતિ લાવી આપું છું. એ ઘા પર બાંધી દેજે. બેએક દિવસ સુધી પાટો છોડતો નહીં. બેએક દિવસમાં તો સારું થઈ જશે. "

એમ કહીને પેલો વાંદરો પાસેની ઝાડીમાંથી વનસ્પતિ લઈ આવ્યો અને પેલા વાંદરાના જખમ પર વનસ્પતિ મૂકી પાટો બાંધીને ચાલ્યો ગયો.

થોડી વારમાં એક ત્રીજો વાંદરો ત્યાંથી પસાર થતો હતો, તેની નજર પેલા જખમી વાંદરા પર પડી. તે બોલ્યો :

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"અરે, તમે આમ ઉદાસીન જેવા કેમ દેખાઓ છો? આ મોટો પાટો શાનો બાંધ્યો છે?"

પેલા વાંદરાએ તેને બધી હકીકત કહી. એટલે ત્રીજો વાંદરો ગંભીર થઈને કહે: "ભાઈ, તમે પણ ખરા છો! જખમ પર કશું જાણ્યા કર્યા વિના જે મળે તે બાંધી દેવાની મૂર્ખાઈ તમને ક્યાંથી સૂઝી? જરા જખમને બરોબર તપાસવો જોઈએ કે નહીં? એમાં કશું પેસી ગયું હશે તો આખો પગ નકામો થઈ જશે! લાવો, હું જરા જોઈ આપું."

એમ કહી પેલા ત્રીજા વાંદરાએ પાટો છોડી નાખી કાંટા જેવું કશુંક લઈને જખમને ખણી નાખ્યો અને બીજી વનસ્પતિ લાવીને પાટો બાંધી આપ્યો.

બીજે દિવસ થયો. પણ જખમ જરા ઊંડો થયેલો હોવાથી પેલા વાંદરાને એકદમ આરામ તો શી રીતે થાય? તે ખોડંગતો ખોડંગતો જતો હતો.

એવામાં એનો ઓળખીતો ચોથો વાંદરો એને સામો મળ્યો. પેલા વાંદરાની આવી દશા જોઈને તે બોલ્યો: "કાં ભાઈ, પગે આ શું થયું છે? ક્યાંકથી બરોબર પછડાયા લાગો છો!"

પેલા વાંદરાએ તેને પણ બધી વાત કહી. એ સાંભળી ચોથો વાંદરો ઠાવકું મોં કરીને બોલ્યો: "જો ભાઈ, મારી વાત તમને બરોબર ગળે ઊતરતી હોય તો કહું. મારી પાસે એક અકસીર દવા છે. કેટલાય જખમને મેં એનાથી સાજા કર્યા છે. પણ પહેલાં મારે જરા જખમ તપાસવો પડશે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચોથા વાંદરાએ પણ પાટો છોડીને જખમને વધારે ચૂંથી નાખ્યો અને પછી પોતાની દવા લગાડીને તે જતો રહ્યો.

અહીં પેલા બાપડા વાંદરાની પીડા ખૂબ વધી ગઈ! જે જખમ નાનકડો અને ઝટ રુઝાઈ જાય એવો હતો તે એટલો ઊંડો અને ચૂંથાઈ ગયો હતો કે તે સાંજે થતાં થતાં એનો તો દમ જ નીકળી ગયો!

૨૪

આત્મનિરીક્ષણ

એક વાર એક આશ્રમવાસીથી કશો દોષ થઈ ગયો. એટલે એ માણસના અનીતિભર્યા આચરણથી અકળાઈને બીજા એક ભાઈએ એના પાપની સામે ફરિયાદ કરતી ચિઠ્ઠી લખીને બાપુજી પર મોકલાવી. એ ભાઈએ ચિઠ્ઠીમાં પોતાનું નામ જણાવ્યું નહોતું.

ગાંધીજી કોઈ કોઈ વાર પ્રાર્થના પછી કશુંક કહેતા. તે દિવસે પ્રાર્થના પૂરી થઈ એટલે બાપુજી ગંભીર બનીને એ ચિઠ્ઠીનો ઉલ્લેખ કરતા બોલ્યા: “ભાઈઓ, એક તો નનામી ચિઠ્ઠી આવી બાબતમાં લખવી એ ખોટું છે. વળી કોઈના પાપ તરફ આંગળી ચીંધતાં પહેલાં યાદ રાખીએ કે બાકીની ત્રણ આંગળીઓ આપણા હૃદય તરફ પણ ચીંધાય છે!”

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૫

સતત પ્રયત્ન

બોપદેવ નામે એક મોટા પંડિત થઈ ગયા. પરંતુ જ્યારે તે નાના હતા ત્યારે નિશાળમાં તેમની ગણતરી ઠોઠ નિશાળિયા તરીકે જ થતી હતી. તે ભણવામાં ખૂબ ઠોઠ હતા. ગુરુજી વારે વારે શીખવે, પણ બોપદેવને કશું યાદ જ ન રહે! એમાંય વ્યાકરણ જેવા અઘરા વિષયમાં તો તેની બુદ્ધિ બહેર મારી જતી. કશું સમજાય નહીં અને કશું આવડેય નહીં! તેની આવી ઠોઠ બુદ્ધિ જોઈને બધા તેને 'પથરો આવ્યો, પથરો.' એમ કહીને ચીડવતા.

એક દિવસે ગુરુજીએ તેને ખૂબ ઠપકો આપ્યો. બોપદેવ પણ રોજ રોજ ઠપકો અને મહેણાં સાંભળી સાંભળીને છેવટે કંટાળી ગયો હતો. તેથી તે ઘેરથી નાસી ગયો અને ગામેગામ ભટકવા લાગ્યો.

એક દિવસે આમ ભટકતાં ભટકતાં થાક લાગવાથી તે એક તળાવની પાળે જઈને બેઠો. તે ઊંડા વિચારમાં ડૂબી ગયો હતો. એવામાં તેની નજર તળાવની પાળ પરના પથરાઓમાં પડેલા ખાડાઓ ઉપર પડી. તેને એકદમ થઈ આવ્યું : 'અરે, આ કઠણ પથરાઓમાં આવા ખાડા શી રીતે પડ્યા હશે? પનિહારીઓ અહીં ઘડા મૂકે છે, એને લઈને જ આવું થયું હશે. એ ઘડા દરરોજ આ રીતે પનિહારીઓ મૂકતી હોવાથી આ કઠણ પથરા પણ કેટલા બધા ઘસાઈ ગયા!'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ વિચારે તેના દિલમાં સોંસરી ચોટ લાગી : 'અરે, ઘડા જેવી નરમ ચીજથી આવા સખત પથરા પણ ઘસાઈ ગયા, તો પછી મારું પથરાપણું શા માટે ન ઘસાઈ જાય ?'

એ તો ત્યાંથી ઝટ ઊઠીને પાછો ગુરુજી પાસે પહોંચી ગયો અને વિદ્યાભ્યાસ કરવા મંડી પડ્યો. તેણે ખૂબ મહેનત કરવા માંડી. કશું ન આવડે તો એને ખાસ સમજવા માટે તે સતત પ્રયત્ન કરવા લાગ્યો.

આગળ જતાં જે બોપદેવ વ્યાકરણમાં સાવ ઠોઠ હતા તે એ વિષયમાં સતત પ્રયત્ન કરવાથી હોશિયાર પંડિત બની ગયા. વળી બોપદેવે પોતે એક વ્યાકરણ-ગ્રંથ પણ પાછળથી રચ્યો જે આજેય જાણીતો છે.

૨૬

માણસાઈભર્યો વ્યવહાર

અમેરિકાનું મુખ્ય શહેર ન્યૂયૉર્ક છે. એ શહેરમાં એક બાઈ એક ઝવેરીની દુકાને ગઈ અને તેણે ખોટાં મોતીની એક માળા વેચાતી લીધી.

એ વાતને ઘણો વખત વહી ગયો. એક દિવસે એ માળા તૂટી ગઈ અને બધાં મોતી વેરાઈ ગયાં. પેલી બાઈએ બધાં મોતી ભેગાં કર્યાં અને ફરીથી એ મોતીની માળા બનાવવા તે પેલા જ ઝવેરીને ત્યાં ગઈ.

પેલા ઝવેરીએ મોતી ગણી જોયાં અને પેલી બાઈને કહ્યું : "બાનુ, આ માળામાં એક મોતી ખૂટે છે. એથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એમાં એક ઉમેરવું પડશે. પછી હું આપને માળા બાંધી આપીશ. એનું બધું ખર્ચ ૩૦૦ પાઉંડ થશે."

પેલી બાઈ તો એ સાંભળીને ચમકી જ ગઈ. તે બોલી: "ત્રણસો પાઉંડ! આ માળા મેં આ દુકાનેથી જ ખરીદેલી છે. તે વખતે મેં આખી માળાના માત્ર ત્રણ પાઉંડ જ આપ્યા હતા. અને હવે ફક્ત એક જ મોતી ઉમેરવા માટે આટલી મોટી રકમ જેટલું ખર્ચ કરવું પડશે? આ તો નવાઇની વાત કહેવાય!"

પેલા ઝવેરીએ કહ્યું: "બાનુ, આપની વાત તદ્દન સાચી છે. પણ આ માળાનાં મોતી ખોટાં નથી, સાચાં છે. આપને એ માળા ભૂલથી અપાઈ ગઈ હતી. અમારા નોકરે એ ગફલત કરી હતી. એ બદલ તેને અમે બરતરફ પણ કર્યો છે. આ માળાની મૂળ કિંમત તો દશ હજાર પાઉંડ છે. પણ અમે આપને તે ભૂલથી આપી દીધી હતી, એટલે અમારી નીતિ મુજબ એ પાછી ન મગાય. આમ કરીએ તો અમારી શાખ તૂટી જાય. જે થઈ ગયું તે હવે થઈ ગયું."

આ સાંભળીને પેલી બાઈ બોલી: "અરે ભાઈ, એવું તે કંઈ થતું હશે? ખરી રીતે એ માળા મારી ન જ કહેવાય. ચાલો ત્યારે, મારી એક શરત કબૂલ કરશો? હું તમને આ માળા પાછી આપી દઉં છું. પણ પેલા નોકરની ભૂલ માફ કરીને એને પાછો નોકરીમાં રાખી લો."

પેલા ઝવેરીએ એ બાઈનું કહ્યું માન્યું. તેણે પેલા બાપડા માણસને પાછો નોકરીમાં રાખ્યો અને પેલી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માયાળુ બાઈની ભલાઈ જોઈને એને હીરાનું એક લૉકેટ ભેટ મોકલ્યું.

૨૭

દિલની ઉદારતા

એક વાર ઇમામ હસન સાહેબ મદીનાની બહાર ફરવા ગયા હતા. ફરતાં ફરતાં રસ્તે ખજૂરીનો એક બગીચો આવ્યો.

એ બગીચામાં હસન સાહેબે એક સીદી ગુલામને નીચે જમીન પર બેસી રોટી ખાતો જોયો. એની નજીક એક કૂતરો ઊભો હતો. પેલો ગુલામ રોટીનો એક કકડો પેલા કૂતરાને આપતો જાય અને એક કકડો પોતે ખાતો જાય.

ઇમામ સાહેબ આ જોઈને નવાઈ પામ્યા. તેમણે પેલા સીદી પાસે જઈને પૂછ્યું: “અરે ભલા માણસ, તારી પાસે માંડ માંડ પેટ ભરાય એટલી સૂકી રોટી છે. એમાંથી તું આ રખડતા કૂતરાને શા માટે અરધોઅરધ ભાગ આપી દે છે?”

પેલા ગુલામે કહ્યું: “સાહેબ, હું રોટી ખાવા બેઠો એટલે આ અજાણ્યો કૂતરો આવીને મારી સામે ઊભો રહ્યો. હવે હું મારું એકલાનું પેટ ભરતો રહું અને અહીં આવેલું આ મૂંગું પ્રાણી ઊભું ઊભું મારું મોં જોયાં કરે, એથી તો હું લાજી મરું. ભલે મારું પેટ ન ભરાય, પણ આ બાપડા કૂતરાની આંતરડી સંતોષ પામે એ મારે માટે કંઈ જેવી તેવી વાત નથી.”

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ સાંભળીને ઇમામ સાહેબ વિચારમાં પડી ગયા કે, આટલો નેક માણસ આવી ગુલામ દશામાં સબડે છે એ બહુ બૂરું કહેવાય. તેમણે પેલા ગુલામને પૂછ્યું : "ભાઈ, તારા માલિકનું નામ શું છે?"

ગુલામે પોતાના માલિકનું નામ જણાવ્યું.

ઇમામ હસન સાહેબ તરત જ એના માલિક પાસે ગયા અને બોલ્યા : "તમને મારી એક વિનંતી છે એ તમે કબૂલ કરશો?"

માલિક બોલ્યો : "અરે ઇમામ સાહેબ, આપ આ શું બોલ્યા? આપ જે ફરમાવશો તે મારે કબૂલ છે."

ઇમામ સાહેબે કહ્યું : "તમારો પેલો ખજૂરીનો બાગ અને એમાં રહેતો ગુલામ એ બંને મને વેચાતા આપો. એની જે કિંમત તમે કહેશો તે હું આપવા તૈયાર છું."

માલિકે તો ઇમામ સાહેબ જેવા સાધુપુરુષ પાસેથી એક પાઈ સુધ્ધાં લેવાની ના પાડી. પણ ઇમામ સાહેબ એ શી રીતે કબૂલ કરે? છેવટે માલિકે યોગ્ય કિંમત લઈ બાગ અને ગુલામ એમને સોંપ્યા.

પછી ઇમામ સાહેબ પેલા સીદી ગુલામ પાસે આવીને બોલ્યા : "ભાઈ, તારા દિલની ઉદારતા જોઈને હું તારા પર ખૂબ ખુશ થયો છું. તારા માલિક પાસેથી તને અને આ બાગને મેં ખરીદી લીધા છે. હું તને આ બાગ બક્ષિસ આપું છું. અને તને પણ ગુલામીમાંથી છૂટો કરું છું. અલ્લા તારા જેવા નેક-દિલ માણસ પર હંમેશાં રહેમ રાખતા રહો."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૮

જીવનનું ખમીર

બનાસકાંઠામાં પાંચાસર નામે એક ગામ છે. ત્યાં એક બાઈ પોતાની દીકરી સાથે રહે. એ બાઈનો પતિ ગુજરી જવાથી એની કમાણીના બસોએક રૂપિયા બાઈના હાથમાં આવ્યા.

એ બાઈએ તે રકમ એક સારા વેપારીને સોંપીને કહ્યું: "ભાઈ, આ રકમ એમની પાછળ સારા કામમાં વાપરજો."

એ ભલા વેપારીએ વિચાર કરીને પાસેના એક ગામમાં કૂવો કરાવ્યો. હવે એ બાઈએ એટલાથી સંતોષ ન માન્યો. તેણે ત્રીસેક વીઘાં જમીન વેચી નાખીને તેમાંથી પરબ બંધાવી.

પછી એ બાઈ લાકડાં કાપીને તથા મજૂરી કરીને પોતાનું ગુજરાન ચલાવવા લાગી.

શ્રી રવિશંકર મહારાજ તે વખતે એ વિભાગમાં દુષ્કાળરાહતનું સેવાકાર્ય કરી રહ્યા હતા. ફરતાં ફરતાં તે પેલી બાઈ પાસે આવ્યા અને એ બાઈ વિશેની વાતો સાંભળતાં તેમણે આશ્ચર્ય પામી પેલી ભલી બાઈને પૂછ્યું: "અરે બહેન, તેં આ બધું શા માટે કર્યું?"

બાઈ સહજ ભાવે કહે: "દાદા, એ તો ધણી મહેનત કરીને હજી ઘડપણેય નહોતું આવ્યું તે પહેલાં ચાલ્યા ગયા! એમની મહેનતનું હું શું કામ ખાઉં?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે વખતે દુકાળને લીધે એક દિવસ દુકાળરાહતવાળા માણસો સવાશેર ગોળ દરેક મજૂરને મફત આપતા હતા. પણ પેલી બાઈની છોકરીએ તે લેવાની ના પાડી. એનું કારણ તેને પૂછતાં તે કહે: "બધું ધર્માદા કરી દીધા પછી આ રીતે ધર્માદાનું અમારાથી કેમ લેવાય?"

૨૯

દુઃખનું ઓસડ

ઈરાન દેશમાં શેખ સાદી નામે એક પ્રખ્યાત કવિ થઈ ગયા. તેમની દશા એક વાર ખૂબ કંગાલ થઈ ગઈ. જોડા ખરીદવા માટે પણ એમની પાસે પૈસા ન હતા.

પોતાની આવી ખરાબ હાલત જોઈને એમનું દિલ રડી ઊઠ્યું. એમને થયું, 'હે ખુદા! આ તે તારો કેવો ન્યાય? હું તારું હમેશ સ્મરણ કરું છું અને મને જ આવી કંગાલ દશામાંથી પસાર થવું પડે છે!'

આમ વિચાર કરતા, પોતાના જ દુઃખને યાદ કરી દુઃખી થતા તે હતાશ દિલે મસીદમાં નમાજ પઢવા ગયા. ત્યાં મસીદ પાસે એક લૂલા માણસને ભીખ માગતો તેમણે જોયો. એને જોઈને શેખ સાદીની આંખો ઊઘડી ગઈ. આ ગરીબ અપંગ માણસના દુઃખની સરખામણીમાં પોતાનું દુઃખ તો સાવ નકામું હતું. તે નમાજ પછી અલ્લાહનો ઉપકાર માનતા બોલ્યા: "હે પરવરદિગાર, મારી બેઅદબી માફ કરજે. તેં મારા પર ઘણી રહેમ કરી છે કે મારા આ બે પગ સાબૂત રાખ્યા છે."

पुस्तकालय गुरुकुल कांगड़ी

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩૦

આચરણની અસર

એક વાર મહારાષ્ટ્રના મહાન સંત જ્ઞાનેશ્વર મહારાજ પાસે એક માતા પોતાના આઠ-નવ વર્ષના છોકરાને લઈને આવી.

મહારાજને પગે પડી માતા કહે: "મહારાજ, મારો આ છોકરો રોજ ગોળ બહુ ખાય છે. હું તો કહી કહીને હવે થાકી ગઈ. મારું એ જરાયે માનતો નથી. મારા બોલની એના પર કશી અસર પડતી નથી. આપ એને ગોળ ન ખાવાનું સમજાવો તો એ જરૂર છોડી દેશે. મારા ઉપર આટલી કૃપા કરો."

જ્ઞાનેશ્વર મહારાજ ધીમેથી બોલ્યા: "બાઈ, તું એક અઠવાડિયા પછી એને લઈને મારી પાસે આવજે. પછી મારે એને જે કંઈ કહેવાનું હશે તે હું કહીશ."

સાત દિવસ પછી તે બાઈ પોતાના એ છોકરાને લઈને જ્ઞાનેશ્વર મહારાજ પાસે આવી.

સંત જ્ઞાનેશ્વરે પેલા છોકરાને પોતાની પાસે બોલાવી મધુર અવાજે કહ્યું: "બાળ, હવે પછી ગોળ ન ખાતો. તારી બા કહે એમ કરજે, સમજ્યો ને?"

છોકરાએ હકારમાં માથું હલાવ્યું.

પરંતુ એની બાને વિચાર આવ્યો કે, 'જો જ્ઞાનેશ્વર મહારાજને બસ આટલું જ કહેવાનું હતું, તો પછી મને એક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અઠવાડિયા પછી શા માટે બોલાવી? તે જ વખતે છોકરાને આટલું કહી દીધું હોત તો શું થાત?' તે તો મનમાં મૂંઝાવા લાગી. એટલે તેણે પોતાની શંકાનું નિવારણ કરવા જ્ઞાનેશ્વર મહારાજને વિનંતી કરી.

સંત જ્ઞાનેશ્વર બોલ્યા: "બાઈ, જ્યારે તું પહેલી વાર મારી પાસે આવી અને તારા છોકરાને ગોળ ન ખાવાનું સમજાવવા તેં મને કહ્યું, એ વખતે હું પોતે જ ગોળ ખાતો હતો! હું પોતે જ ગોળ ખાતો હોઉં અને આ નાના બાળકને ગોળ ન ખાવાની શિખામણ આપું તો મારા વચનની એના ઉપર જરૂર અસર ન જ થાય. તેથી મને મનમાં થયું કે મારે જ પહેલાં ગોળ છોડી દેવો જોઈએ. આમ કરું તો જ આ બાળકને પણ ગોળ ન ખાવાનું કહી શકું. તેથી મેં વિચાર્યું કે, લાવને હું જ પહેલાં ગોળ છોડી દઉં અને જોઉં તો ખરો મારાથી ગોળ વિના રહેવાય છે કે નહિ? એક અઠવાડિયાથી મેં ગોળ જરાયે ખાધો નથી. અને હવે હું ખાઈશ પણ નહિ. ગોળ વિના મને ચાલશે એટલી ખાતરી મને થઈ છે. તેથી હવે બીજાને પણ ગોળ ન ખાવાની શિખામણ હું આપી શકું ખરો."

જ્ઞાનેશ્વર મહારાજના બોલ સાંભળીને પેલી માતાની આંખમાંથી આંસુ ટપકી પડ્યાં. સંત જ્ઞાનેશ્વરને ભાવથી પગે પડી, પાલવ વડે આંખો લૂછતી લૂછતી, છોકરાને તેડીને તે બાઈ પોતાને ઘેર ગઈ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩૧

દાનનો મહિમા

એક ગામમાં બે ડોસીઓ રહેતી હતી. બંનેનાં ઘર અડોઅડ જ હતાં.

એક દિવસે ગાજવીજ સાથે મૂસળધાર વરસાદ તૂટી પડ્યો. પવનનું તોફાન પણ ખૂબ સખત હતું. કેટલાંય ગરીબ લોકોનાં ઝૂંપડાં તૂટી પડ્યાં. આખો દિવસ એવું જ ચાલ્યું. રાત પડી, પણ વરસાદ કેમે કર્યો થોભે નહિ. બંને ડોસીઓ પણ પોતપોતાના ઘરમાં વરસાદનો વિચાર કરતી ઘરકામ કર્યે જતી હતી.

એક ડોશી છેવટે વાળુ કરવા બેઠી. એવામાં બારણે ટકોરા પડ્યા!

ટકોરા સાંભળીને ડોસી તો ચમકી. તોફાનમાં ભૂલું પડેલું કોઈ આવ્યું હશે અને મારા ખાવામાં ભાગ પડાવશે એ બીકે એણે તો ઝટપટ જેટલું ખવાય એટલું ખાધું. પછી વધેલું એક ખૂણામાં ઢાંકી દઈ, હાથ-મોં ધોઈ તે બારણું ઉઘાડવા ગઈ. જુએ છે તો બારણે ગામના આશ્રમનો એક સાધુ ઊભો છે.

સાધુ શાંત અવાજે બોલ્યો: "મૈયા, આ ભયંકર તોફાનમાં બિચારાં ગરીબ લોકો ઘરબાર વિનાનાં થઈ ગયાં છે. એ લોકો ટાઢે ધ્રૂજતાં આશ્રમમાં આશ્રય લેવા આવ્યાં છે. આજની રાત એ લોકોને આશરો આપવો રહ્યો. પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અમારી પાસે એ લોકોને પહેરવા ઓઢવાનું આપી શકાય એટલું તો ક્યાંથી હોય? માટે તમે થોડુંઘણું આપશો તો ભગવાન તમારું ભલું કરશે."

પેલી ડોસીનો તો જીવ ઊંચોનીચો થઈ ગયો. તે બોલી: "મહારાજ, હું તો ગરીબ માણસ છું. મારી પાસે આપવા જેવું કંઈ જ નથી. પૈસાવાળાને ત્યાં જાઓ તો ઘણું મળી રહેશે."

સાધુ કહે: "માઈ, એક રાત ખાતર એકાદ ધાબળો પણ ન આપી શકો? એ લોકોની કાલે સવારે બીજી વ્યવસ્થા થઈ જશે એટલે પાછો આપી દઈશું."

ડોસી તો અકળાઈ ગઈ. પણ આશ્રમના સાધુને એક વાર ના પાડી તોય તે બારણે ઊભો જ રહ્યો. એટલે તે ઘરમાં ગઈ. થોડાક દિવસ ઉપર જ તેણે એક ગરમ ધાબળો વેચાતો લીધો હતો. પણ એ શી રીતે આપી શકાય? પરંતુ કશુંય આપ્યા વિના ચાલે એમ નહોતું; એટલે તે જૂનાં કપડાંના લબાચામાં શોધવા લાગી.

એક જૂનો ધાબળો એના હાથમાં આવ્યો. પણ એને વિચાર આવ્યો, 'આ મને બહુ માફક આવી ગયો છે. એને મેં સાત વરસ વાપર્યો છે; પણ હજી એ કામ આપે એવો છે. મારો આવો સારો ધાબળો બીજી કોઈ ડોસી જેમ તેમ ઓઢીને વધારે ફાડી નાખે તો? એ બધીઓને એનો ખ્યાલ ક્યાંથી હોય? મારો તો ધાબળો જ ફાટે ને!'

થોડી વાર થંભીને પાછી એ વિચાર કરવા લાગી: 'ધારો કે મારો આ ધાબળો હું આપું. પણ એને ઓઢનાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કોણ જાણે કયા રોગથી પીડાતું હશે. એના રોગના જંતુ મારે ત્યાં આવે એના કરતાં ન આપું એ જ સારું.'

એમ વિચાર કરી એણે પેલો જૂનો ધાબળો બાજુએ મૂકી દીધો અને ખૂબ શોધ્યા પછી એક ચીંથરેહાલ ચાદર એના હાથમાં આવી. એને થયું, 'ભલે આ ચાદર જ આપું. એ પણ આઠ વરસ પહેલાં કેવી સારી હતી!'

ડોસીએ પેલી ચીંથરેહાલ ચાદર સાધુને આપી.

સાધુ બોલ્યો: "મૈયા, આ ચાદર તો સાવ જર્જરિત છે! આ સિવાય બીજું તમારી પાસે કંઈ જ નથી? એ બિચારાં ટાઢે થથરતાં માણસો માટે ગરમ ધાબળા જેવું કશું નથી?"

પણ ડોસીએ તો પોતાની લાચારી બતાવી.

પછી સાધુ બીજી ડોસીને ઘેર ગયો. એ ડોસીએ તો પોતાનો નવો ધાબળો તેમ જ બીજાં બધાં વધારાનાં કપડાં તરત જ પેલા સાધુના ચરણ આગળ ધરી દીધાં. તેને થયું, 'હું તો ઘરડું પાન છું. કાલે ટપ દઈને મરી જઈશ. ભલેને આટલું પુણ્ય થાય!'

પેલો સાધુ પ્રસન્ન થઈ ત્યાંથી આગળ ગયો.

હવે બન્યું એવું કે થોડી વાર પછી પવનનું તોફાન જોરથી શરૂ થયું. બંને ડોસીઓનાં ઘર ધ્રૂજવા લાગ્યાં. બંને ડોસીઓ તરત જ ઘર બહાર નીકળી ગઈ. ત્યાં તો વીજનો મોટો કડાકો થયો, અને બંનેનાં ઘર નાશ પામ્યાં!

બંને ડોસીઓ નિરાધાર થઈ ગઈ. ત્યાં તો સાધુનો અવાજ સંભળાયો: "મૈયા, ચાલો. આશ્રમમાં તમને પણ આશરો મળશે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બંને ડોસી આશ્રમમાં ટાઢે થરથરતી ગઈ. ત્યાં બધી વસ્તુઓ એક ઓરડામાં પડેલી હતી. સાધુ બોલ્યો: 'મૈયા, અહીં તમારું જે કંઈ છે તે પાછું લઈ લો. તમે એનું દાન કર્યું હતું, હવે તમને એ પાછું મળે છે.'

પેલી પહેલી ડોસીના નસીબમાં એની ચીંથરેહાલ ચાદર પાછી મળી, જ્યારે પેલી ભલી ડોસીને તો બીજાને પણ વાપરવા આપી શકાય એટલું મળ્યું.

૩૨

આનંદનું મૂલ્ય

સ્વામી રામતીર્થ અમેરિકા ગયા હતા ત્યારની આ વાત છે. ત્યાંના લોકો પર સ્વામીજીના ઉપદેશની બહુ ઊંડી અસર પડી હતી.

એક દિવસે સ્વામીજી પાસે એક બાઈ આવી. તે બહુ દુઃખી દેખાતી હતી. તેણે સ્વામીજીને કહ્યું: "સ્વામીજી, હું બહુ દુઃખી છું! મારો એકનો એક બાળક મરણ પામ્યો છે. તેના ગયા પછી મને જરાય શાંતિ નથી અને આનંદ જેવું કશું લાગતું નથી. હું સાવ હતાશ થઈ ગઈ છું. આપ મને કશો ઉપાય બતાવો. શું મને આનંદ મળશે જ નહિ?"

સ્વામી રામતીર્થ શાંત સ્વરે બોલ્યા: "બાઈ, રામ આનંદ વેચે છે ખરો; પરંતુ તમારે એની કિંમત આપવી પડશે. મફત આનંદ ન મળે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બાઈ કહે: "સ્વામીજી, આપ જેટલી કિંમત માગતા હો, એટલી આપવા હું તૈયાર છું. પૈસાની મારે જરાયે ખોટ નથી. બોલો, શી કિંમત આપવી પડશે?"

સ્વામીજી સ્મિત કરતા બોલ્યા: "અરે બાઈ, આનંદના રાજ્યમાં આવા સિક્કાનું કંઈ ચલણ નથી. તમારે તો રામની દુનિયામાં ચાલી શકે એવા સિક્કા આપવા પડશે. બોલો, એ આપવા તમે તૈયાર છો?"

પેલી બાઈ અધીરી થઈને બોલી: "સ્વામીજી, શા માટે નહિ? આપ કહેશો તે આપવા હું તૈયાર છું. આપ કહો તો ખરા!"

એ સાંભળીને સ્વામીજીએ એક હબસી નિરાધાર બાળકને બાઈ પાસે ધરીને કહ્યું: "તો લો આ બાળક. આ નાના નિરાધાર બાળકને તમારો જ બાળક ગણી વહાલથી ઉછેરજો."

પેલી બાઈ તો આ સાંભળીને કંપી જ ઊઠી! તે બોલી: "સ્વામીજી, આ તો બહુ અઘરું કામ છે! મારાથી એ શી રીતે થઈ શકશે? મારાથી એ ન બને."

સ્વામી રામતીર્થ બોલ્યા: "તો પછી તમને આનંદ મળવો પણ ખૂબ મુશ્કેલ છે!"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩૩

મહેનતની રોટી

એક વાર દાનવીર હાતિમ તાઈને એક માણસે પૂછ્યું: "તમારા કરતાં વધારે લાયક માણસ તમે આ દુનિયામાં ક્યાંય જોયો કે સાંભળ્યો છે ખરો?"

હાતિમ તાઈ કહે: "હા ભાઈ. એક વખતે મેં સૌ લોકોને એક મોટી મિજબાની આપી હતી. ઘણા લોકો એ આનંદ માણવા આવ્યા હતા.

"મિજબાની પૂરી થઈ અને બધા લોકો ધીમે ધીમે વિખેરાઈ ગયા. હું પણ આ બધી ધમાલથી જરા થાકી ગયો હતો. એટલે ઘોડા ઉપર બેસીને હું જંગલ ભણી એકલો ફરવા નીકળી પડ્યો.

"ત્યાં મને એક કઠિયારો સામો મળ્યો. તેના માથા પર લાકડાંનો ભારો હતો. તે આખો દિવસ મહેનત કરીને લોથપોથ થઈ ગયો હતો.

"મેં એની પાસે જઈને કહ્યું: 'અરે ભલા માણસ, આજે તારે આમ જંગલમાં લાકડાં કાપવા આવવાની શી જરૂર હતી? તને ખબર નહોતી કે ગામમાં હાતિમે સૌને મિજબાની માટે નોતર્યાં હતા? ત્યાં તું શા માટે ન ગયો? આજે લાકડાં કાપવા ન ગયો હોત તોયે તને આજ પૂરતું સારું સારું ખાવાનું મળી રહેત.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"એ સાંભળીને પેલા કઠિયારાએ કહ્યું: 'જે માણસ પોતાનો પરસેવો ઉતારીને મહેનતની રોટી ખાય છે તેને હાતિમ તાઈ પાસે જવાની શી જરૂર? ખુદાએ હજી મારા હાથપગ સાબૂત રાખ્યા છે. અને મહેનતની રોટીમાં જે મીઠાશ છે તે પારકાના ઉપકાર તળે આવીને આરોગેલા પકવાનમાં ક્યાંથી મળે?'"

પછી થોડી વાર અટકીને હાતિમ તાઈ પોતાને સવાલ પૂછનાર માણસને કહેવા લાગ્યા: "બોલો, પોતાની મહેનતની રોટી ખાવામાં આનંદ માણતો આ કઠિયારો મારા કરતાં વધારે લાયક કહેવાય કે નહિ?"

૩૪
કલ્યાણનો માર્ગ

એક વાર ભગવાન ઈશુ ખ્રિસ્ત પાસે એક માણસ આવીને કહેવા લાગ્યો: "ભગવાન, મને એવો કોઈ રસ્તો બતાવો જેથી મારું કલ્યાણ થાય."

ભગવાન ઈશુ બોલ્યા: "ભાઈ, તમારા પાડોશી સાથે પ્રેમથી વર્તો; ગરીબ લોકોની સેવા કરો; દુઃખી માણસોને મદદ કરો. આમ કરશો તો તમારું કલ્યાણ થશે."

માણસ કહે: "ભગવાન, એ તો હું કરું જ છું. એ સિવાય બીજો કોઈ માર્ગ હોય તો બતાવવા કૃપા કરો."

ભગવાન ઈશુ બોલ્યા: "તમારે જો તમારું કલ્યાણ ખરેખર કરવું જ હોય તો તમારી બધી સંપત્તિ સારાં કાર્યો માટે દાનમાં આપી દો."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩૫

ભક્તની નમ્રતા

એક ગામ હતું. તેમાં એક ભગત રહેતા હતા. ગામના ઘણાખરા લોકો એમની તરફ આદર બતાવતા અને એમને ભક્તરાજ કહીને બોલાવતા. દુઃખને વખતે એમની પાસે સૌ કોઈ દોડી આવતાં અને દિલાસો પામી ઘેર જતાં. એ ભક્તરાજે ઘણાંના જીવનમાં પલટો આણ્યો હતો અને તેઓને જીવનનો સાચો રાહ બતાવ્યો હતો.

એ ગામમાં એક બાઈ રહેતી હતી. તે જરા અણસમજુ હતી અને સંસારી બાબતોમાં જ રસ લેતી હતી. તેનો પતિ આ ભક્તના સંગથી રંગાયો હતો. તેણે નકામા મોજશોખ છોડી દીધા હતા. સાધુપુરુષોનો સંગ કરવો, ભજનકીર્તનમાં જવું, સાદાઈથી રહેવું, સંસારી પ્રપંચોમાં પડવું નહીં, એવા ફેરફારો તેના જીવનમાં થવા લાગ્યા. પોતાનો પતિ આમ સાધુડા જેવો થઈ જાય એ વાત પેલી બાઈને ન ગમી. તે મનમાં ને મનમાં પેલા સાધુ પર રોષ કરવા લાગી.

એક દિવસે તે કૂવે પાણી ભરતી હતી. ભક્તરાજ તે વખતે કૂવા પાસેથી પસાર થતા હતા. એમને ત્યાંથી પસાર થતા જોઈને પેલી બાઈ સમસમી ઊઠી. તે તો કેટલાય દિવસથી લાગ જ શોધ્યા કરતી હતી. ક્યારે એ ભગતડો ભેળો થઈ જાય અને એને સીધોદોર કરી મૂકું, એની જ પેરવીમાં તે રહેતી. આજે આ સારો લાગ જોઈને તે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચિડાઈને બોલી: "અલ્યા એ ભગતડા! આ ગામમાં આવીને બધાને તારા જેવા રખડતા કરી મૂકવા છે કે શું? તને બીજો કશો કામધંધો જ નથી કે આમ બધાને તારી નાતમાં ભેળવવા માગે છે? તારા જેવો મોટો ઠગ બીજો કોઈ જ નથી. અંદરથી તો મેલથી ભરેલો છે અને બહારથી મોટો સાધુ હોવાનો ડોળ કરે છે! તું તારી જાતને જ સુધારને! અલ્યા ભામટા, તને આ ગામમાં બીજું કોઈ જ ન મળ્યું કે મારા ધણીને ધૂતવા બેઠો છે? ખબરદાર, હવે પછી એમનું નામ જરાયે લીધું તો! આખા ગામમાં તારી ફજેતી કરી મૂકીશ, સમજ્યો કે?"

ભક્તરાજ તો શાંતિથી એ બધું સાંભળી રહ્યા. બાઈ જરા ધીરી પડી એટલે તે હાથ જોડીને બોલ્યા: "માઈ! તમે જે કહ્યું તે ખરેખર સાચું જ છે. હજી હું અંદરથી દુર્ગુણોથી ભરેલો છું. હજી મને વાસનાઓ સતાવે છે. હજી મારું અંતર મેલું છે. આખું ગામ મને નાહક ભક્તરાજ કહીને બોલાવે છે. તેથી હું ખરેખર લાજી મરું છું. તમે જ મને આજે સાચી વાત કહી સંભળાવી. તમે જ મને સાચા સ્વરૂપમાં ઓળખી શક્યાં. માજી! તમારાં વચને મારા અહંકારી જીવડાને ઢંઢોળી જાગ્રત કર્યો છે. હું જો અંદરથી શુદ્ધ હોત તો આ ભવસાગરમાં આમ અટવાયા શા માટે કરત?"

ભક્તરાજનાં આવાં નમ્ર વચનો સાંભળીને પેલી બાઈ તો ખૂબ લજ્જા પામી અને નીચે જોતી જોતી ઘેર ચાલી ગઈ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩૬

અંતરની તાલાવેલી

એક ગુરુ દરરોજ શિષ્યો આગળ ઈશ્વરની વાતો કરે. એ સાંભળીને બધા શિષ્યો ઈશ્વરની અપાર લીલાનાં ગુણ-ગાન કરતા.

એક દિવસે એક શિષ્ય આવીને ગુરુને કહેવા લાગ્યો: "ગુરુજી, આપ ભગવાન વિશે ઘણી ઘણી વાતો કહો છો. એ બધું સાંભળીને મને આ બધી સંસારની જંજાળો છોડી દઈને ઈશ્વરને ચરણે બેસી જવાનું મન થાય છે. ગુરુજી, મને ઈશ્વરની ઝાંખી શી રીતે થાય એ સમજાવવા કૃપા કરો."

ગુરુજી કહે: "બેટા, હમણાં નહિ. એક દિવસ તને જરૂર સમજાવીશ."

આમ કરતાં કરતાં ઘણા દિવસો વહી ગયા. એક દિવસ ગુરુજી પેલા શિષ્યને કહે: "બેટા, ચાલ, આજે આપણે નદીએ નાહવા જઈએ."

શિષ્ય તો તૈયાર થઈ ગયો. અને બંને જણા નદીએ ગયા.

ગુરુ અને શિષ્ય સ્નાન કરતા હતા એવામાં ગુરુએ શિષ્યને પાણીમાં ડૂબકી મારવાનું કહ્યું. શિષ્યે તે પ્રમાણે કર્યું, એટલે ગુરુએ તરત જ પેલા શિષ્યનું માથું ઉપરથી પકડી રાખી એને પાણીમાંથી બહાર આવવા દીધો નહિ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શિષ્ય તો પાણીમાંથી બહાર નીકળવા ધમપછાડા મારવા લાગ્યો. એનો શ્વાસ પણ રૂંધાવા લાગ્યો. એને થયું કે, ગુરુજી મને પાણીમાં ડુબાડી તો નહીં દે ને? એટલે તે જીવ બચાવવા ગુરુજીને હાથ વડે પ્રહાર કરી છૂટવા માટે ખૂબ પ્રયત્ન કરવા લાગ્યો.

ગુરુજીએ થોડી વાર પછી એને બહાર કાઢ્યો. શિષ્ય તો અધમૂઓ થઈ ગયો હતો. તે તો મન ફાવે તેમ બબડવા લાગ્યો. ગુરુએ એને શાંત પાડી કહ્યું: "બેટા, તું ઈશ્વરની ઝાંખી કેમ કરવી એ વિશે મને પૂછતો હતો ને? એનો જ આ જવાબ છે."

શિષ્ય નવાઈ પામી બોલ્યો: "ગુરુજી, આ તે કંઈ રીત છે? મને આપે કેટલો અકળાવી માર્યો. મારાથી પાણીમાં એક ઘડી પણ રહી શકાતું નહોતું!"

ગુરુજી બોલ્યા: "બેટા, જેમ તું પાણીમાંથી બહાર નીકળવા તાલાવેલી અનુભવતો હતો, એવી જ તાલાવેલી આ સંસારની બધી જંજાળો છોડી દઈને ઈશ્વરની ઝાંખી કરવા માટે થવી જોઈએ. બેટા, અંતરની તાલાવેલી વિના આપણે કશું પ્રાપ્ત કરી શકીએ નહીં."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩૭

મોતનું કારણ

એક વાર એક સૂફી ફકીર બગદાદ જઈ રહ્યો હતો. એવામાં રસ્તે તેને કાળા ઘોડા ઉપર સવાર થઈને જતો એક બિહામણો માણસ સામો મળ્યો.

સૂફીએ પૂછ્યું: "ભાઈ, તમે કોણ છો?"

પેલો માણસ કહે: "કાં, તમે મને ન ઓળખ્યો? હું તો પ્લેગ છું."

સૂફી બોલ્યો: "હા, હવે સમજાયું. કેટલાક તમને મરકી તરીકે પણ ઓળખે છે, ખરું ને? આ તરફ તમારી સવારી ક્યાં જઈ રહી છે?"

પ્લેગ કહે: "હું દમાસ્કસ જાઉં છું. ત્યાં અસંખ્ય માણસોનો મેળો મળ્યો છે. એટલે ત્યાં મને પૂરતો ખોરાક મળી રહેશે."

સૂફી બોલ્યો: "ભાઈ, તમે જ્યાં જાઓ છો ત્યાં બધે સત્યાનાશ જ વળી જાય છે! તમે માણસોને મારવામાં જરાયે વિચાર કરતા નથી. કોઈ પણ કામને અમુક મર્યાદા તો હોય જ ને? તમે તો આંખ મીંચીને આખા ગામનું ઘમસાણ વાળી દો છો!"

પ્લેગ કહે: "સાંઈબાવા, તમારી વાત બરોબર નથી. હું પણ મારા શિકારની મર્યાદા પહેલેથી જ નક્કી કરી દઉં છું. જુઓને, આ વખતે મારે દસ હજાર માણસો પૂરતા છે. દસ હજાર કરતાં એકેય વધારે ભોગ મને ન ખપે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ વાતને થોડા દિવસ વહી ગયા. પેલા સૂફીને ખબર કાઢતાં એવા સમાચાર મળ્યા કે, દમાસ્કસમાં ભયંકર પ્લેગ ફાટી નીકળતાં ત્રીસ હજાર માણસો માર્યા ગયા છે.

સૂફી તો એ ખબર સાંભળીને સમસમી ઊઠ્યો. તેને થયું, 'પ્લેગ મને જૂઠું કહીને ગયો છે. હવે એ અહીંથી પસાર તો થાય, પછી એની વાત છે!'

થોડા દિવસ પછી પેલા સૂફીને પ્લેગનો પાછો ભેટો થઈ ગયો. સૂફીએ ગુસ્સે થઈને કહ્યું: "કાં પ્લેગભાઈ, તમે તો ભારે જૂઠાબોલા માણસ છો! તમે તો ફક્ત દસ હજાર માણસોનો જ ભોગ લેવાની વાત કરતા હતા ને? તો પછી ત્રીસ હજાર માણસોનો શા સારુ કચ્ચરઘાણ કાઢ્યો?"

પ્લેગ કહે: "અરે સાંઈબાબા, આમ ગુસ્સે થવામાં સાર નથી. મેં તો દસ હજારથી એક પણ વધારે માણસનો ભોગ લીધો નથી. તમને જૂઠું કહેવામાં મારે શો લાભ?"

સૂફી બોલ્યો: "તો પછી મને જે સમાચાર મળ્યા છે એ ખોટા અને તમે કહો છો એ સાચું, એમ તમારું કહેવું છે? દમાસ્કસથી આવેલા કેટલાય લોકોએ મને ત્રીસ હજાર જેટલા માણસો રોગચાળામાં મરણ પામ્યાના સમાચાર આપ્યા છે; તો શું એ બધા માણસો ખોટા અને તમે એક સાચા, ખરું ને?"

પ્લેગ કહે: "સાંઈબાવા, જરા ધીરા પડો. સાચી હકીકત એ છે કે, મેં તો દસ હજાર માણસોનો જ ભોગ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લીધો છે; પરંતુ બીજા વીસ હજાર જેટલા માણસો તો બીકના માર્યા જ મરણ પામ્યા છે! માણસો મોતની બીકથી ગભરાઈ જઈને પોતાને હાથે નાહક મરી જાય એમાં મારો શો દોષ?"

૩૮

દાનત તેવી બરકત

એક વાર એક નગરીમાં એક મકાનનો પાયો ખોદાતો હતો. ખોદતાં ખોદતાં એક મજૂરને સોનામહોરોથી ભરેલો એક ચરુ દેખાયો. તેને થયું: 'આ ચરુ પર મારા ઉપરીનો હક કહેવાય. તેમણે મને અહીં કામે રાખ્યો ત્યારે મને આ જડયો ને? માટે મારે હમણાં જ જઈને તેમને ખબર આપવી જોઈએ.'

મજૂરે જઈને ઉપરીને બધી વાત કહી. મજૂરની આવી નેકદિલી જોઈને ઉપરીને પણ થયું, 'ખરી રીતે આ ચરુનો હકદાર તો જેની જમીનમાં આ બાંધકામ થઈ રહ્યું છે તે જ ગણાય.'

એમ વિચાર કરી ઉપરીએ તરત જ જઈને જમીનના માલિકને એ સમાચાર આપ્યા.

હવે એ માલિકને થયું, 'આ તો વિચારવા જેવી વાત છે. પરધન મારાથી શી રીતે લેવાય? મેં જેની પાસેથી જમીન ખરીદેલી છે એ જૂના માલિકનો જ સાચો હક એ ચરુ પર ગણાય.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જૂના માલિકને એ વાતની જાણ થઈ. એટલે તેને થયું, 'ખરી રીતે આ બધી જમીન રાજ્યની કહેવાય. એમાંથી જે કંઈ નીકળે તે રાજ્યનું જ ગણાય. માટે રાજા જ એ ચરુનો ખરો માલિક છે.'

રાજા આ વાત સાંભળીને બોલ્યો : "ભાઈઓ, હું રાજા તો ખરો. પરંતુ રાજ્યની જમીનમાંથી જે મળે તે મારું નહીં, પણ પ્રજાનું કહેવાય. પ્રજા મને કર રૂપે જે કંઈ આપે એટલા પર જ મારો હક, બાકી બધું પ્રજાનું. માટે આ વિષે આવતી કાલે દરબારમાં વિચારીશું."

પછી સૌ પોતપોતાને ઘેર ગયા.

રાજા એકલો પડ્યો એટલે તેની દાનત બગડી! તેને થયું : 'અરે, આ મેં શું કર્યું? ઘેર બેઠાં લક્ષ્મી ચાંલ્લો કરવા આવી ત્યારે હું મોં ધોવા ગયો! હવે શું થાય? ખરી રીતે હું રાજ્યનો માલિક છું. ચરુ ઉપર મારો જ હક કહેવાય. પ્રજાનો વળી એના પર હક કેવો? લાવ, હું જ હમણાં અંધારામાં છાનોમાનો જઈને એ ચરુ ઉપાડી લાવું.'

હવે બન્યું એવું કે ઘેર જતાં જમીનના જૂના માલિકને, મકાન બંધાવનાર નવા શેઠને, પેલા ઉપરીને તથા મજૂરને પણ એકી વખતે એવો જ કુવિચાર સૂઝ્યો!

એક પછી એક જણ છાનામાના ચરુ લેવા ગયા. પણ દરેકે ચરુમાં સોનામહોરોને બદલે સાપોલિયાં રમતાં જોયાં!

દરેક જણ વીલે મોઢે પાછો ફર્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩૯

'કુવાક્યનો કાપ કદી ન રૂઝે!'

એક હતો વાઘ અને એક હતો માણસ. બંને વચ્ચે ગાઢ મિત્રાચારી હતી. માણસ ઘણી વાર વાઘની વાત તેની પત્નીને કહે.

એક દિવસ તેની પત્નીએ કહ્યું: "તમે રોજ રોજ વાઘભાઈની વાતો કર્યા કરો છો, તો એક વાર એમને ઘેર તો તેડી લાવો."

પેલા માણસે વાઘને એ વાત કરી. વાઘ કહે: "ભાભીનો ખૂબ આગ્રહ છે તો કાલે રાતે હું જરૂર આવીશ."

બીજી રાતે વાઘભાઈ પેલા માણસને ઘેર આવ્યા. વાઘ તો જંગલમાં રહે અને પશુઓને મારીને ખાય. એટલે એના શરીરમાંથી દુર્ગંધ ખૂબ આવે. વાઘની દુર્ગંધથી પેલા માણસની પત્ની તો અકળાઈ ગઈ. બાજુના ઓરડામાં પોતાના પતિને બોલાવીને તે કહેવા લાગી: "તમારો દોસ્ત આવો કેવો? એ કેટલો બધો ગંધાય છે!"

આ શબ્દો પેલા વાઘે સાંભળ્યા. વાઘને ખૂબ માઠું લાગ્યું. તે રજા લેતી વખતે પેલા માણસને કહેવા લાગ્યો: "ભાઈ, તું કાલે આવે ત્યારે સાથે કુહાડી લેતો આવજે. મારે થોડું કામ છે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બીજે દિવસે પેલો માણસ કુહાડી લઈને ગયો. વાઘ કહે: "તારામાં જેટલું જોર હોય એટલા જોરથી મારા માથામાં કુહાડીનો ઘા કર."

માણસ તો એ સાંભળી નવાઈ પામ્યો. તે કહે: "અરે વાઘભાઈ, એમ તે કંઈ થાય? મિત્રને મારવાનો મારો જીવ ન ચાલે."

વાઘે કહ્યું: "જો, તારે આટલું કરવું જ પડશે. નહીં તો હું તને જીવતો જવા નહીં દઉં. તું મને કુહાડીનો ઘા કરીને ચાલ્યો જજે. પછી એક મહિનો પૂરો થાય એટલે મને જોવા અહીં આવજે. પછી તને એક વાત કહીશ."

પેલા માણસે ગભરાતાં ગભરાતાં વાઘના માથામાં જોરથી કુહાડીનો ઘા કર્યો અને પછી તે જીવ લઈને નાઠો. વાઘ તો ઘા વાગતાં લોહીલોહાણ થઈ જમીન પર ઢળી પડ્યો.

એ વાતને એક મહિનો વીતી ગયો. પેલો માણસ હિંમત એકઠી કરી બીતો બીતો જંગલમાં આવ્યો. વાઘભાઈ તો એની રાહ જોઈને બેઠા હતા. વાઘે કહ્યું: "આવ ભાઈ, આવ. તું જરાયે ગભરાતો નહિ. હવે તો મને સારું થઈ ગયું છે. પણ ભાઈ, મારી એક વાત સાંભળ. તેં મને કુહાડીનો ઘા કર્યો, પછી હું એ ઘા રૂઝવવા વનસ્પતિ સાથે માથું ઘસતો ઘસતો મારી બોડમાં ગયો. દરરોજ વનસ્પતિ ઘા પર લગાડતાં ઘા તો રુઝાઈ ગયો. પણ ભાઈ, હું તે દિવસે તારે ઘેર આવ્યો હતો, ત્યારે તારી પત્નીએ તને બાજુના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઓરડામાં લઈ જઈને જે કહ્યું હતું એ કુવાક્યનો કાપ હજી રુઝાયો નથી! ભાઈ, તને ખબર છે ને—

'છરા તણે છેદ ઉપાય સૂઝે,
કુવાક્યનો કાપ કદી ન રૂઝે!'

બસ, મારે તને એટલું જ કહેવું હતું. હવે પછી કદી કોઈને માઠું ન લાગે એમ બોલતાં શીખજો."

૪૦

આપણી ફરજ

ઘણાં વર્ષો પહેલાંની વાત છે. મુસ્લિમ ધર્મના વડા તે બધાં મુસ્લિમ રાજ્યોના વડા મનાતા અને તેમને ખલીફાને નામે ઓળખવામાં આવતા.

જ્યારે હારુન અલ રશીદ ખલીફા થયા ત્યારે તેમની ઉંમર નાની હતી. તે વખતે મિસર દેશમાં તેમનો જે સૂબો હતો તે પ્રજા પર જુલમ ગુજારતો હતો અને ખલીફાની વિરુદ્ધમાં લોકોને ઉશ્કેરતો હતો. તેથી ખલીફા હારુન અલ રશીદે પોતાના દરબારીઓને ભેગા કર્યા અને બધી વાત કહી. દરબારીઓને થયું કે, આપણામાંથી કોઈને એ ઊંચી પદવી મળી જાય તો કેવું સારું! એટલે તેઓ સૌ પોતપોતાની હોશિયારીની વાતો કરવા લાગ્યા અને આવી પરિસ્થિતિ વખતે કેવી કુનેહથી કામ લેવું જોઈએ તે કહેવા લાગ્યા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરંતુ ખલીફા બોલ્યા: "તમારી વાતો બરોબર છે. પણ એ જગ્યા માટે આપણે અબુ હાફિજને મોકલીએ તો કેમ? એ બાબતમાં તમારો શો મત છે?"

એટલે દરબારીઓ કહેવા લાગ્યા: "નેક નામદાર! આપ આ શું કહો છો? અબુ હાફિઝના જરા દીદાર તો જુઓ! સૌ લોકો પર એમની શી રીતે અસર પડી શકે? આવા કામ માટે તો પ્રભાવશાળી માણસ હોવો જોઈએ. અબુને શી રીતે આપ જેવા મોટા ખલીફાનો સૂબો નીમી શકાય? બાડી આંખો, કદરૂપું મોં અને લઘરવઘર પોશાક! એથી તો આપણી આબરૂ જ જાય."

ખલીફા કહે: "મારે સારાં કપડાંમાં સજ્જ થયેલો સેતાન નથી જોઈતો. મારે તો ઉમદા હૃદયવાળો માણસ જોઈએ છે. અબુની લાયકાત એના ખાનદાનીભર્યા નેક દિલમાં રહેલી છે."

પછી ખલીફાએ અબુને બોલાવ્યો અને તેને બધી વાત સમજાવી. અબુ હાફિજે નમ્રતાથી કહ્યું: "નામદાર, આપનો હુકમ માથે ચડાવું છું. પણ મારી એક શરત છે: મિસરમાં જઈ ત્યાંના રાજકારભારનું ગાડું બરોબર ચીલે ચડાવી હું અહીં પાછો ચાલ્યો આવીશ."

ખલીફાએ શરત કબૂલ કરી અને અબુ હાફિજ મિસર ગયો. ત્યાં જઈ પૂછપરછ કરતો તે મિસરના રાજા મૂસાના મહેલમાં ગયો. મૂસા તે વખતે પોતાના દરબારીઓની ખુશામતભરી વાતો સાંભળી રહ્યો હતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દરબારીઓ ગયા એટલે અબુ મૂસા પાસે આવ્યો. મૂસાને થયું કે, કોઈ ગરીબ માણસ દયાની અરજી કરવા આવ્યો હશે. તેથી તે બોલ્યો: "તારે કંઈ ફરિયાદ નોંધાવવી છે?"

અબુ હાફિજ શાંતિથી બોલ્યો: "મારે કશી ફરિયાદ નથી. હું તો મિસરની સૂબાગીરી સંભાળવા આવ્યો છું. આ રહ્યો ખલીફાનો આજ્ઞાપત્ર."

એ સાંભળી મૂસાને ભારે નવાઈ લાગી. તેણે અબુને માન આપી બેસાડ્યો.

બીજે દિવસે મિસરમાં ખલીફાના સૂબા તરીકે અબુને જાહેર કરવામાં આવ્યો. જૂના રિવાજ મુજબ મિસરના લોકો નવા સૂબાને ભેટ આપવા ભેગા થયા. અબુને એની જાણ થતાં તે બોલ્યો: "ભેટ કેવળ રોકડ નાણાંમાં લેજો અને દરેકના પડીકા ઉપર ભેટ આપનાર ગૃહસ્થનું નામ લખજો."

કારભારીઓને આવા વિચિત્ર હુકમની સમજ પડી નહીં. પણ તેઓએ અબુના હુકમનો બરોબર અમલ કર્યો.

અબુના અમલનું પહેલું વર્ષ તો લોકોને આશીર્વાદરૂપ નીવડ્યું. પરંતુ બીજે વર્ષે લોકો રાજ્યનો કર આપવાની બાબતમાં અમુક વિરુદ્ધ પક્ષના માણસોની ખોટી ભંભેરણીથી અવળે માર્ગે દોરાઈ જઈને ખોટાં ખોટાં બહાનાં બતાવવા લાગ્યા.

એટલે અબુએ એ સૌ લોકોને બોલાવ્યા અને રાજ્યની તિજોરીમાંથી તેમનાં નામનાં ભેટનાં પડીકાં તેમને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાછાં સોંપી દઈ કહ્યું : "ભાઈઓ, આ પૈસા તમારા જ છે. એમાંથી રાજ્યને જે કર આપવાનો છે તે આપી દો. કર એ આપણા ઉપર રાજ્યનું પ્રામાણિક દેવું છે. એ આપણે ચૂકવવું જ રહ્યું. ભાઈઓ, હંમેશ યાદ રાખજો કે, જે પોતાનું પ્રામાણિક દેવું ભરતો નથી તે ખુદાનો ગુનેગાર છે અને તે પોતાની સાચી ફરજ પણ ચૂકે છે."

આ વાતની લોકો ઉપર ખૂબ ઊંડી અસર પડી અને લોકોને પોતાના રાજ્ય પ્રત્યેની સાચી ફરજનું ભાન થયું.

૪૧

આપણે શું જોવું જોઈએ ?

એક વાર એક ગુરુએ પોતાના શિષ્યને કહ્યું : "હે શિષ્ય, તું અત્યંત ભક્તિભાવથી મારી સેવા કરી રહ્યો છે એ જોઈને હું ઘણો જ આનંદ પામ્યો છું. સેવાકાર્યમાં તેં જરાયે કચાશ આવવા દીધી નથી. આજે તને જે જોઈએ તે મારી પાસે માગ."

શિષ્ય બોલ્યો : "ગુરુજી, આપની સેવા કરવાથી મારું જીવન સુધન્ય બની ગયું છે. આપની સેવા એ જ મારે મન બધું છે. આપના ઉચ્ચ ગુણોની અને તપસ્વી જીવનની મારા મન પર ખૂબ ઊંડી અસર પડી છે. આપના જેવું મારું પણ જીવન શુદ્ધ બને એવો જ પ્રયત્ન હું હમેશ કરું છું. પણ મારે એક ઇચ્છા છે. આપ આજે મારા પર પ્રસન્ન થયા છો તો કૃપા કરી મારી એ ઇચ્છા પૂર્ણ કરો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મને એવી દૃષ્ટિ આપો જેથી હું માણસની અંદરનું બધું જ જોઈ શકું. આટલી મારા પર કૃપા કરો."

આ સાંભળીને ગુરુજી વિચારમાં પડી ગયા. પછી ગંભીર અવાજે તે બોલ્યા: "બેટા, આ તો તેં બહુ ભારે વસ્તુ માગી! આવી દૃષ્ટિ મેળવવા માટે તો ઘોર તપ આદરવું પડે. અને સાધના વિના આવી દૃષ્ટિ મળે તો એનો દુરુપયોગ થવાનો ઘણો સંભવ છે. માટે હે શિષ્ય, તારે બીજું કશું જોઈતું હોય તો ખુશીથી માગ."

પરંતુ એ શિષ્ય તો એકનો બે ન થયો. તેણે તો આગ્રહપૂર્વક કહ્યું: "ગુરુજી, આપ મારે માટે નિશ્ચિંત રહેજો. મારાથી એનો એવો દુરુપયોગ નહિ જ થાય. મને કૃપા કરી એવી દૃષ્ટિ આપો. એ સિવાય મારે બીજું કશું ન જોઈએ."

એટલે ગુરુજીએ પાસે પડેલી એક નાની લાકડી તેને આપીને કહ્યું: "લે આ લાકડી. તું કોઈની પણ સામે આ લાકડી ધરશે એટલે એ માણસમાં જે કંઈ સારુંનરસું હશે એ બધું જ તને દેખાશે."

શિષ્ય તો એ સાંભળીને રાજી રાજી થઈ ગયો.

થોડી વાર પછી ગુરુજી સમાધિમાં બેઠા. પેલા શિષ્યને થયું, 'લાવને આ લાકડી ગુરુજી સામે જ ધરી જોઉં!' ત્યાં તો ગુરુજીની અંદર એક ખૂણામાં ક્રોધનો અંગારો એણે જોયો! એક બાજુએ લોભની રજકણ પડેલી છે! અને બીજી બાજુએ થોડોક અહંકાર ધૂરકી રહ્યો છે ને! અને અરે, પેલું શું? ગુરુજીમાં પણ કામનો રાઈ જેટલો દાણો છુપાયેલો પડ્યો છે!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શિષ્ય તો આ બધું જોઈને અકળાઈ ગયો. તે વિચારવા લાગ્યો : " ગુરુજીમાં જ હજી આવા દોષો ભરેલા છે, તો પછી એમની પાસે રહીને મારો શો ઉદ્ધાર થવાનો હતો ?" એમ વિચારી તે તો ગુરુને છોડીને ચાલ્યો ગયો.

જ્યારે ગુરુજી જાગ્યા ત્યારે એમણે પેલા શિષ્યને ન જોયો. હમણાં આવશે, થોડી વાર પછી આવશે, એમ તે તો એની રાહ જોવા લાગ્યા. પણ શિષ્ય પાછો આવ્યો જ નહિ. એટલે ગુરુજી સમજી ગયા કે, નક્કી એ તો પેલી લાકડીનો જ પ્રતાપ છે ! એટલે તે પેલા શિષ્યને ઘેર ગયા અને પૂછવા લાગ્યા : " અલ્યા, કેમ મને જણાવ્યા વિના ઘેર ચાલ્યો ગયો ? તને શું થયું એ તો જરા મને કહે ?"

શિષ્ય કહે : " હું તમને બરોબર ઓળખી ગયો છું ! મારે હવે તમારું કામ નથી. તમે તમારે આશ્રમે જાઓ."

ગુરુજી બોલ્યા : " અરે, ભલા માણસ, તેં મારામાં એવું શું જોયું એ તો મને બરોબર કહે ? જેથી મને કંઈ સમજ તો પડે."

શિષ્યે બધી વાત ગુરુજીને કહી સંભળાવી.

એટલે ગુરુજી કહે : " અરે બેટા, તારી વાત તો સાચી છે. પણ જરા એ લાકડી તારી સામે ધરીને તું તારી જાતને થોડી વાર તો જો. પછી તારે મને છોડીને જવું હોય તો ખુશીથી જજે."

શિષ્યે એ લાકડી પોતાની સામે ધરી. અરે, આ શું ? અંદર તો કામ, ક્રોધ, લોભ, મોહ, મત્સર, અહંકારના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કીડા ખદબદી રહ્યા છે! બધે ઘોર અંધારું પથરાયેલું છે! અજ્ઞાનતાનો તો પાર નથી!

શિષ્ય તો આ બધું જોઈને ધ્રૂજી ઊઠ્યો. તે ગુરુજીનાં ચરણમાં ઢળી પડ્યો અને માફી માગવા લાગ્યો.

ગુરુજી કહે: "બેટા, કોઈ પણ માણસ દોષથી સંપૂર્ણ મુક્ત નથી. એનામાં થોડા કે વધારે અવગુણ રહેલા જ છે. તેથી આપણે બીજાના અવગુણ કે દોષ જોઈને એનો તિરસ્કાર કરવો ન જોઈએ, એની નિંદા કરવી ન જોઈએ. પરંતુ બીજાના સારા ગુણ જોઈને પોતાનામાં ઉતારવા આપણે પ્રયત્ન કરવો જોઈએ અને આપણામાં જે અવગુણો હોય તેને કાઢવા મથવું જોઈએ. આમ કરીએ તો જ આપણું ભલું થાય."

૪૨

બીજાના દોષ જોઈએ તો . . .

એક સાધુ હતો. તે રોજ સવારે વહેલો ઊઠતો હતો, ભગવાનનું ભજન કરતો હતો અને પવિત્ર જીવન ગાળતો હતો. દિવસે દિવસે એનું જીવન ઉચ્ચ બનતું જતું હતું.

પરંતુ એક દિવસે એના રહેઠાણની સામેના મકાનમાં એક બાઈ રહેવા આવી. તે બાઈ ખરાબ માર્ગે વળેલી હતી.

સાધુનું એ તરફ ધ્યાન ગયું. એ બાઈને ત્યાં પરાયા પુરુષોને આવતા જોઈને સાધુને એના પર ખૂબ તિરસ્કાર છૂટ્યો. તેણે એ બાઈને એક દિવસે બોલાવી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને ક્રોધે ભરાઈને કહ્યું: "અરે પતિતા, તું કેટલી નીચ છે, પાપી છે! તું સુધર, નહીં તો તારો નાશ થશે."

પેલી બાઈ તો બિચારી આ સાંભળીને ખૂબ શરમાઈ ગઈ. એ તો ઘેર જઈને પ્રભુની પ્રાર્થના કરી માફી માગવા લાગી. પણ એનો ધંધો એવો એટલે એ બિચારી શું કરે? પોતાનાં પાપને માટે તે પસ્તાવો કરવા લાગી અને મનમાં ખૂબ દુઃખી થવા લાગી.

સાધુએ તો બીજે દિવસે પણ પરપુરુષોને એને ત્યાં આવતા જોયા. તે તો મનમાં સમસમી ઊઠ્યો. એને થયું, 'આ બાઈ કેટલી અધમ છે! એનાં પાપની એને કંઈ પડી જ નથી. મેં એને ઉપદેશ આપ્યો એ તો વ્યર્થ જ ગયો. લાવ, જોઉં તો ખરો, એને ત્યાં કેટલા માણસો આવે છે અને એ દુષ્ટા સાથે શી રીતે વર્તે છે?'

પછી સાધુ આખો વખત એ તરફ ધ્યાન આપવા લાગ્યો. એની પૂજા બાજુએ રહી ગઈ, ભગવાનનું નામ પણ વીસરાઈ ગયું અને આમ તે પારકાના દોષ જોવામાં તલ્લીન બની ગયો. 'વિષયોનું રહે ધ્યાન તેમાં આસક્તિ ઊપજે.' એ ગીતાવચન મુજબ એ તો પેલી બાઈના દુરાચારમાં અંદરથી રસ લેવા લાગ્યો અને સાથે સાથે તેને ધિક્કારવા પણ લાગ્યો! તે દરરોજ જેટલા માણસો એ બાઈને ત્યાં આવે એટલા પથ્થર બાજુએ મૂકવા લાગ્યો. એમ કરતાં કરતાં પથ્થરોનો એક ઢગલો થઈ ગયો.

એટલે તેણે એ બાઈને પાછી બોલાવી અને એના પાપનો પેલો ઢગલો એને બતાવ્યો અને ખૂબ ઠપકો આપ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આની અસર પેલી બાઈ પર ખૂબ ઊંડી થઈ. એ તો ઘેર જઈ ધ્રૂસકે ધ્રૂસકે રડી પડી. એને એવો સખત આઘાત લાગ્યો કે એ તરત જ મરણ પામી.

હવે બન્યું એવું કે તે જ દિવસે પેલો સાધુ પણ એકાએક મરણ પામ્યો.

બંનેનું મરણ થયું એટલે સાધુને યમદૂત તેડવા આવ્યો અને પેલી બદચાલ ઓરતને ભગવાનનો દૂત તેડવા આવ્યો. આ જોઈ પેલો સાધુ કહે: "અરે, તમારી ભૂલ થાય છે! મારે ત્યાં દેવદૂત આવવા જોઈએ અને પેલી નીચ બાઈને ત્યાં યમદૂત જવા જોઈએ!"

આ સાંભળી યમદૂત હસીને કહે: "ભગવાન કદી આવી ગફલત ન કરે. તેં સાધુનો વેશ ધારણ કર્યો હતો. પણ તેં તારો અમૂલ્ય વખત બીજાના દોષ જોવામાં બરબાદ કર્યો. જ્યારે પેલી બાઈ દુરાચાર ભલે કરતી હતી, તોયે આખો વખત ભગવાનને યાદ કરી માફી માગતી હતી અને પોતાને એ નરકમાંથી મુક્ત કરવા પ્રાર્થતી હતી. તારું અંતર હંમેશાં બીજાનાં પાપ જ જોતું હતું. આમ પાપ જોયાં કરીને તેં તારા મનને અપવિત્ર અને વાસના-લોલુપ કરી નાખ્યું હતું. પેલી બાઈ દરરોજ ભગવાનનું સ્મરણ કરીને પાપ ધોવા મથતી હતી અને અંતરની શુદ્ધિ કર્યે જતી હતી. ભલા સાધુ, તેં આટલો વખત તારો જ વિચાર કર્યો હોત તો તુંયે સ્વર્ગે જાત!"

સાધુ બિચારો શું કહે? એ તો યમદૂત સાથે નીચે મુખે ચાલવા લાગ્યો!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪૩

બીજાની દશા જોઈને

હિમાલયના એક ઊંચા શિખર ઉપર એક સંન્યાસી રહેતા હતા. આસપાસ બધે શાંતિ હતી અને માણસોની અવરજવર પણ ત્યાં નહીં, એટલે આવી શીતળ અને એકાંત જગ્યાએ કુદરતના ખોળામાં બેસી તપસ્યા કરવાને એ સંન્યાસી ત્યાં રહેતા હતા.

સંન્યાસીજી દરરોજ સ્નાન કરવાને સારુ ગંગામૈયાને તીરે જતા. ગંગાજીના શાંત, શીતળ અને પાવનકારી નીરમાં સ્નાન કરી સંન્યાસીજી પોતાનો વિકાસ સાધી રહ્યા હતા.

એક દિવસે સંન્યાસી હંમેશ મુજબ સ્નાન કરતા હતા ત્યારે તેમણે જરા દૂર જોયું કે, એક માતા પોતાના મરી ગયેલા બાળકના દેહને ગંગાજીમાં પધરાવવા આવી હતી. તે મૂગું રુદન કરી રહી હતી. ખૂબ દુઃખી દિલે તેણે બાળકને ગંગામૈયાની ગોદમાં તરતું મૂકી દીધું.

પણ એ માતાએ બાળકને ગંગાજીમાં પધરાવતાં પહેલાં તેના શરીર પરનું વસ્ત્ર કાઢી લીધું અને પોતાના વહાલા બાળકના દેહને વસ્ત્રવિહીન દશામાં વહેતો મૂક્યો! પછી તે રડતી રડતી પાછી ફરી.

આવું કરુણ દૃશ્ય જોઈને સંન્યાસીનું હૃદય દ્રવી ઊઠ્યું. તેઓ વિચારવા લાગ્યા: 'અરે, જે દેશમાં આવી માતાને પોતાના પ્યારા બચ્ચાને આખરી મજલે પહોંચાડતી વેળાએ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એના શરીર પર ઓઢાડેલું એક કપડું સુધ્ધાં ખેંચી લેવું પડે એવી ભીષણ ગરીબી છે, ત્યાં કેવળ પોતાના જ આત્માની ઉન્નતિ માટે હિમાલયના આવા એક શાંત, એકાંત ખૂણે બેસી રહેવું એ ખરેખર નર્યો સ્વાર્થ જ છે! એવી સિદ્ધિ મારે ન જોઈએ.' અને સંન્યાસીજી હિમાલયને છોડીને સમાજમાં ઘૂમવા લાગ્યા.

એ સંન્યાસી હતા સ્વામી દયાનંદ સરસ્વતી.

૪૪

બીજાના સુખને ખાતર

ઈ. સ. ૧૭૨૦ની એક વાત છે. ફ્રાંસ દેશમાં આવેલા માર્સેલ્સ શહેરમાં ભારે મરકી ફેલાઈ ગઈ. માણસો ટપોટપ મરવા લાગ્યાં. દાક્તરો પણ એ રોગનું કારણ શોધવા ખૂબ પ્રયત્ન કરી રહ્યા હતા. પરંતુ એ વિશે કશી ચોક્કસ માહિતી મળતી નહોતી. તેઓ પણ છેવટે કંટાળી ગયા અને ખૂબ નિરાશ બની ગયા.

એવામાં એક દાક્તરે કહ્યું: "ભાઈઓ, હજી એક પ્રયોગ અજમાવવા જેવો છે ખરો. આપણે બહારથી આ ચોપી રોગની ભલે કેટલીયે તપાસ કરીએ, પણ એ બધું અધૂરું કહેવાય. જો કોઈ દાક્તર મરકીના રોગથી મરેલા માણસનું મડદું ચીરીને એના બધા અવયવો બરોબર તપાસે તો એ રોગ માણસના શરીર પર કેવી અસર કરે છે તે જાણી શકાય."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બધા દાક્તરોને એ વાત ગમી તો ખરી. પરંતુ આવું જોખમભર્યું કામ કરવા જતાં પોતે જ એ ભયાનક રોગનો ભોગ થઈ પડે તો?

બધા દાક્તરો મૂંઝાયા. હવે શું કરવું? બધા વિચાર-મગ્ન થઈ શાંત બેઠા હતા. એવામાં એક જુવાન દાક્તર આગળ આવ્યો અને મક્કમપણે બોલ્યો: "હું એ કામ કરવા તૈયાર છું. મારા કુટુંબમાં હું એકલો જ છું. મારે નથી બૈરી કે નથી છોકરાં. મને કશું થઈ જાય તો મારી સઘળી મિલકત માર્સેલ્સના દવાખાનાને આપી દેજો."

બધા દાક્તરો દાક્તર હેનરી ગાયનનું બોલવું સાંભળીને ઉત્સાહમાં આવી ગયા. હેનરી ગાયન ત્યાર પછી પોતાના પ્રયોગની તૈયારી કરવા લાગ્યો.

તે એક અલાયદા ઓરડામાં મરકીથી મરેલા એક માણસનું મડદું ચીરવા બેઠો. ચીતરી ચડે એવું એ મડદું ગંધાતું હતું! પણ હેનરી તો એ મડદું ચીરતો જાય અને એમાં જે જે જોવા મળે તે નોંધતો જાય. નોંધના એ બધા કાગળોને જો કોઈ હાથ અડાડે તો એ માણસને તરત મરકી લાગુ પડવાનો સંભવ ખરો. તેથી દાક્તર હેનરી એ બધા કાગળોને રસાયણમાં બોળીને બાજુએ મૂકતો હતો.

દાક્તર હેનરી ગાયન આ કામ કરતો હતો એવામાં એકાએક એને તાવ ચડ્યો અને બાર કલાકમાં તો એ ભલો દાક્તર મરણ પામ્યો!

એના દાક્તર સાથીઓએ એની બધી નોંધ બરોબર વાંચી અને મરકીના કારણ સંબંધી એમને ઘણું ઘણું નવું જાણવાનું મળ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪૫

ગામને ખાતર

મેક્સિકો દેશમાં એક તાંબાની ખાણ અને નાકાઝોરી ગામ વચ્ચે રેલગાડી આવતી જતી હતી. તેના એંજિન-વાળાનું નામ જિસસ ગાર્સિયા હતું.

એક દિવસે ખાણમાં સુરંગો ફોડવા માટે ઉપયોગમાં લેવાતો દારૂગોળો તેની ગાડીમાં ભર્યો હતો. હજી ગાડી ઉપડવાને વાર હતી. એટલે ગાર્સિયા પોતાના એક મિત્ર સાથે થોડે દૂર ઊભો રહીને વાતો કરતો હતો.

એવામાં એક માણસ દોડતો દોડતો આવીને ગભરાયેલે અવાજે બોલ્યો : "અરે ગાર્સિયા! ગાર્સિયા! તમારી ગાડીમાં આગ લાગી છે!"

ગાર્સિયા એકદમ ચમકી ગયો! હવે શું થાય? ગાડીમાં તો દારૂગોળો ભર્યો છે! જો દારૂગોળો ફાટશે તો આખા ગામના કુરચેકુરચા ઊડી જશે! તે તો એક ક્ષણનો પણ વિલંબ કર્યા વિના પોતાના મિત્રને કહેતો કહેતો દોડયો : "અરે, સાંભળ. દેવળના પાદરીને કહેજે કે મારા શરીરની થોડીક પણ કરચ હાથ લાગે તો તેના ઉપર મારા વતી પ્રાર્થના કરજો."

એમ કહીને તે ઝડપથી દોડીને ગાડીમાં ચડી ગયો અને તેણે પૂર જોશમાં ગાડી હંકારી મૂકી.

ગાડી સ્ટેશનમાંથી પસાર થઈ ગઈ અને થોડી વારમાં તો ગામ બહાર નીકળી ગઈ. પછી આગળ જતાં મોટો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધડાકો થયો અને ગાડીના ફુરચેફુરચા ઊડી ગયા! ગાસિંયાના શરીરનો એમાં ક્યાં પત્તો લાગે? પણ નાકાઝોરી ગામ મોટી હોનારતમાંથી બચી ગયું.

૪૬

ટેવનો એક ઇલાજ

એક માણસને અફીણ ખાવાની ટેવ પડી ગઈ હતી. એક દિવસે તે ગામમાં એક સાધુપુરુષ આવી ચડ્યા. પેલો માણસ એમની પાસે જઈને પ્રણામ કરી બોલ્યો: "મહારાજ, હું તો અફીણના વ્યસનથી કંટાળી ગયો છું! પાસે પૂરતા પૈસા મળે નહીં અને આ બૂરી ટેવ મને અકળાવી મૂકે છે. એને છોડવાનું મન તો બહુ થાય છે. પણ એ છોડાતી જ નથી. આપ મહેરબાની કરી કશો ઇલાજ બતાવો."

પેલા સાધુપુરુષે એક કોલસાનો કટકો લીધો અને કહ્યું: "બોલ, તું કેટલા વજનનું અફીણ ખાય છે?"

પેલો માણસ કહે: "મહારાજ, આઠ આની ભાર જેટલું અફીણ મને રોજ જોઈએ."

સાધુ બોલ્યા: "લે આ કટકો. એનો આઠ આની ભાર જેટલો ભાગ રાખીને પછી રોજ જ્યારે જ્યારે અફીણ લેવાનો વખત થાય ત્યારે એ કટકાથી એક લિસોટો કરવો અને પછી એ કટકાના ભાર જેટલું જ અફીણ લેવું."

પેલો માણસ ઘેર ગયો અને બીજે દિવસથી સાધુના કહ્યા મુજબ વર્તવા લાગ્યો. અફીણ ખાતાં પહેલાં પેલા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કોલસાના કટકા વડે લિસોટો કરે અને પછી એ કટકાના ભાર જેટલું અફીણ લે.

આમ કરતાં કરતાં પેલો કટકો ધીમે ધીમે ઘસાતો ગયો અને પેલા માણસનું અફીણનું પ્રમાણ પણ ઓછું થતું ગયું. છેવટે આખો કટકો ઘસાઈ ગયો અને પેલા માણસની અફીણ ખાવાની ટેવ પણ છૂટી ગઈ!

૪૭

વ્યસનોમાં ચાર ગુણ!

એક ગામમાં એક સાધુપુરુષ પધાર્યા. એ સાધુપુરુષ થોડુંઘણું વૈદક પણ જાણતા હતા. એટલે એક માણસે આવીને કહ્યું: "મહારાજ, મેં કેટલીયે દવા કરી, પણ મારી આ ખાંસી મટતી નથી! આપ કોઈ ઉપાય બતાવો તો સારું."

મહારાજે વાતવાતમાં જાણી લીધું કે એ માણસને બીડી તથા દારૂનું વ્યસન છે. તેથી સાધુએ કહ્યું: "અરે, તમારો રોગ ઝટ મટે એમ છે. એમાં અકળાઓ છો શા માટે? આજથી જ તમે બીડી અને દારૂ બમણા પ્રમાણમાં લેવાનું શરૂ કરી દો."

પેલા માણસને થયું કે આ મહારાજ કેટલા ભલા છે! તેણે પછી પૂછ્યું: "પણ મહારાજ, પેલા બીજા બધા મૂર્ખ દાક્તરો તો મને એ વ્યસન છોડવાની સલાહ આપે છે, ત્યારે તમે તો બમણા પ્રમાણમાં લેવા કહો છો એનું કારણ શું?"

સાધુ કહે: "ભાઈ, વ્યસનોમાં તો ચાર ગુણ રહેલા છે: પ્રથમ તો ચોર ન આવે. બીજો ગુણ શરીર તાજું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રહે. ત્રીજો ગુણ બેસવા માટે વાહન મળે અને ચોથો ગુણ એ કે ઘડપણ કદી આવે જ નહિ!"

પેલો માણસ નવાઈ પામી બોલ્યો: "મહારાજ, એ શી રીતે બને?"

સાધુ કહે: "અતિશય વ્યસનથી આખી રાત ખો ખો ઉધરસ થયા કરે એટલે ઊંઘ ન આવે. તેથી ચોર રાતે ખાતર પાડવા આવે તોયે નાસી જાય. શરીર પર સોજા ચઢે, ગોટલા ઘાલે; એટલે તે તાજોમાજો દેખાય. પગમાં શક્તિ ન રહે, ક્યાંય જવું હોય તો ચાલવાની તાકાત ન રહે; તેથી વાહનમાં બેસીને જવું પડે. વળી વ્યસની માણસ જુવાનીમાં જ મરી જાય એટલે એ ઘરડો થાય જ ક્યાંથી?"

મહારાજનાં આવાં મર્માળાં વચન સાંભળીને પેલો માણસ ભોંઠો પડી ગયો!

૪૮

સાચો પુત્ર

એક રાજા હતો. તેને ત્રણ છોકરા હતા. એક દિવસે રાજાએ પોતાના છોકરાઓને બોલાવીને કહ્યું: "હું હવે ઘરડો થયો છું. કોણ જાણે હું કેટલા દિવસ જીવીશ. પણ તમને એક સવાલ પૂછવાનું મન થાય છે. બોલો, તમે મને કેટલો ચાહો છો?"

મોટો છોકરો કહે: "બાબા, તમારા પર મારો પ્રેમ દરિયા જેટલો અગાધ છે. હું તમને ખૂબ જ ચાહું છું."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વચલો છોકરો કહે : “ બાબા, મારા પ્રેમની તો કોઈ સાથે સરખામણી થઈ શકે એમ નથી.”

સૌથી નાનો છોકરો કહે : “ બાબાજાન, હું તો બસ એટલું જ જાણું છું કે, તમને હું મારા પ્યારા અબ્બાજાન તરીકે ચાહું છું.”

પછી રાજાએ ત્રણે છોકરાને વિદાય કર્યા.

થોડા દિવસ પછી રાજાએ પોતાના વજીરને બોલાવીને કહ્યું : “ વજીરજી, હવે હું ઘરડો થયો. મારી ઇચ્છા મક્કાની હજ કરવા જવાની છે. તેથી હું આવતી કાલે જઈશ. મારી ગેરહાજરીમાં તમે રાજકારભાર ચલાવજો. અને જો રસ્તામાં અધવચ્ચે મારું મોત નીપજે તો મારું રાજ્ય ત્રણ ભાઈઓ સાથે મળીને ચલાવે એવો બંદોબસ્ત કરજો.”

રાજા બીજે દિવસે હજ કરવા ગયો. બેએક મહિના પછી એવા સમાચાર આવ્યા કે, રાજાજી રસ્તામાં મરણ પામ્યા છે. આ વાત સાંભળીને આખા રાજ્યમાં શોક છવાઈ ગયો. અને વજીરે રાજાની ઇચ્છા મુજબ રાજ્યની વ્યવસ્થા કરી.

નવા રાજાના અમલને એક વર્ષ વીતી ગયું હતું. એક દિવસ એક વૃદ્ધ ફકીર રાજધાનીના દરવાજા પાસે આવીને વિસામો ખાવા બેઠો. તેણે ત્યાં જોયું કે, એક જુવાન માણસ ચીંથરેહાલ દશામાં ગમગીન બનીને થોડે દૂર બેઠો હતો. ફકીર તેની પાસે ગયો અને બોલ્યો : “ અરે જુવાન, તું આમ નિરાશ થઈને કેમ બેઠો છે ? તારા પર એવું તે શું દુઃખ આવી પડ્યું છે ?”

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ સાંભળીને જુવાનની આંખમાંથી આંસુ ટપકવા લાગ્યાં. તે ગદ્‌ગદ કંઠે બોલ્યો : "સાંઈબાબા, મારા અબ્બાજાન એક વરસ ઉપર મક્કાની હજ કરવા ગયા હતા તે રસ્તામાં જ ગુજરી ગયા. મને એમની ગેરહાજરી ખૂબ જ સાલે છે. એમના પર મને ઘણો પ્રેમ હતો. મારા બીજા ભાઈઓની માફક હું એમને ભૂલી શકતો નથી." એમ કહીને તે પાછો રડવા લાગ્યો.

પેલા ફકીરે પૂછ્યું : "ત્યારે તારા બીજા ભાઈઓ શું કરે છે?"

જુવાન કહે: "મારાથી નાનો ભાઈ તો અબ્બાજાનના ગયા પછી એશઆરામમાં પડી ગયો છે. બાબાએ એકઠી કરેલી મિલકતને તે વેડફી રહ્યો છે, અને મન ફાવે તેમ વર્તે છે."

ફકીરે પૂછ્યું : "તો પછી રાજ્યનો બંદોબસ્ત કોના હાથમાં છે?"

જુવાન બોલ્યો : "મારો સૌથી નાનો ભાઈ એ બધું સંભાળે છે. અમારા અબ્બાજાનના મરણ પછી રાજ્યની બધી જવાબદારી તેને માથે આવી પડી છે. તે ખૂબ કાળજીથી બધું કામ કરે છે. અબ્બાજાનની આબરૂને ધોકો ન પહોંચે એ રીતે તે કારભાર ચલાવે છે. તેના કારભારથી અમારા અબ્બાજાનની કીર્તિમાં વધારો થયો છે અને રૈયત અમારા અબ્બાજાનને ખૂબ જ યાદ કરે છે. તેમની ખોટ મારા ભાઈને લીધે કોઈને લાગતી નથી. સૌને એમ જ લાગે છે કે, અમારા અબ્બાજાન જ રાજકારભાર ચલાવે છે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ફકીર પછી તરત જ સીધો રાજદરબારમાં ગયો. નવા રાજાએ ફકીરને માનથી આવકાર આપ્યો. પરંતુ ફકીર તો તેની પાસે જઈને તેને એકદમ ભેટી પડ્યો અને બોલ્યો: "બેટા, તેં મારી મુરાદ પૂરી કરી! હું તારો અબ્બાજાન છું. તમારી કસોટી કરવા મેં ખોટા સમાચાર મોકલ્યા હતા. તું જ મારો સાચો પુત્ર છે અને તું જ મને સાચી રીતે ચાહે છે. જે પિતાનું અધૂરું રહેલું કામ જારી રાખે છે અને તેની આબરૂમાં વધારો કરે છે તે જ સાચો પુત્ર કહેવાને લાયક છે. આજથી તને મારે હાથે બધો કારભાર સોંપું છું અને હવે હું શાંતિથી ખુદાની બંદગી કરી બાકીનું જીવન પૂરું કરીશ."

૪૯

સાચો ધર્માત્મા

એક વાર મુસ્લિમ સંત ઇબ્રાહિમને કોઈએ પૂછ્યું: "સાંઈબાબા, આજ સુધીમાં આપને મોટામાં મોટો સાચો ધર્માત્મા જોવા મળ્યો છે ખરો?"

સંત ઇબ્રાહિમ બોલ્યા: "મને મોટામાં મોટા ધર્માત્માનાં દર્શન એક હજામમાં થયાં છે. એને હું સાચો ધર્માત્મા કહું તો જરાયે ખોટું ન કહેવાય."

પેલો માણસ નવાઈ પામી પૂછવા લાગ્યો: "આ તો અજબની વાત કહેવાય! એ શી રીતે બને?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંત ઇબ્રાહિમ બોલ્યા : “ એક દિવસ હું એક હજામ પાસે ગયો અને બોલ્યો, ‘ ભાઈ, ખુદાની ખાતર મારી હજામત કરી આપ.’

“ તેણે મારી હજામત ખૂબ પ્રેમભાવથી કરી; જાણે બાદશાહ કે અમીરની ન કરતો હોય ?

“ હજામત પૂરી થયા પછી મેં તેને કહ્યું : ‘ ભાઈ, તને આપવા જેવું મારી પાસે હમણાં કશું જ નથી. પણ મને આજે સૌથી પહેલું જે કંઈ મળશે, તે હું તને આપીશ.’

“ એટલામાં મારો એક શિષ્ય મારી પાસે આવ્યો અને તેણે મને એક હજાર સોનામહોરોની થેલી ભેટ ધરી. હું તે થેલી હજામ પાસે જઈને આપવા લાગ્યો. એટલે પેલો હજામ કહે : ‘ સાંઈબાબા, તમે મને નહોતું કહ્યું કે, ખુદાની ખાતર હજામત કર ?’

“ મેં કહ્યું : ‘ ભાઈ, તારી એ વાત સાચી છે. પણ જરા જો તો ખરો; આ તો એક હજાર સોનામહોરોની થેલી છે !’

“ પરંતુ પેલા હજામે હસતાં હસતાં કહ્યું : ‘ અરે બાબા ! ખરી સોનામહોરો એ થેલીમાં રહેલી નથી, પણ ખુદાની ખાતર કામ કરવામાં રહેલી છે.’

“ બોલ ભાઈ, આ હજામને મોટો ધર્માત્મા કહેવો કે નહિ ? હું તો એને જ સાચો ધર્માત્મા કહું.”

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૫૦
સાચાં ઘરેણાં

શ્રી ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર બંગાળના એક પ્રખ્યાત મહાપુરુષ થઈ ગયા. નાનપણથી જ તે ખૂબ દયાળુ હતા. બારણે આવેલા અતિથિને તે કદી ખાલી હાથે પાછા જવા દેતા ન હતા.

એક દિવસે એક અતિથિ બારણે આવી કરગરીને પૈસા માગવા લાગ્યો. વિદ્યાસાગર ઘરમાં જઈ બાને કહેવા લાગ્યા : "બા, બા, બારણે અતિથિ આવ્યો છે. તારી પાસે કંઈ હોય તો એને આપ."

બા કહે : "બેટા, ઘરમાં એકેય પૈસો નથી. તું તો જે આવે તેને આપતો જ રહે છે. ઘરમાં હવે શું બાકી રહ્યું છે?"

એટલામાં વિદ્યાસાગરની નજર બાએ પહેરેલી સોનાની બંગડી પર પડી. તે બોલ્યા : "બા, તારી પાસે આ સોનાની બંગડીઓ છે. એમાંની એક વેચીને પૈસા લઈ આવું, એટલે આ અતિથિને કંઈક આપી શકીશ. બા તું ચિંતા ન કરતી. હું મોટો થઈશ પછી તને જેટલાં ઘરેણાં જોઈએ એટલાં ખુશીથી આપીશ."

બા વિદ્યાસાગરની હઠ જાણતાં હતાં. તેમણે તરત જ બંગડી કાઢી આપી.

એ વાતને ઘણાં વર્ષો વહી ગયાં. એક દિવસ વિદ્યાસાગર બાને કહે : બા, બા, મેં તને મોટો થઈને ઘરેણાં આપવા કહ્યું હતું ને? બોલ, તારે કેટલાં ઘરેણાં જોઈએ?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બા કહે: "બેટા, હું પણ કેટલા વખતથી એનો જ વિચાર કરતી હતી. ઠીક થયું તેં જાતે જ મને એ વિષે પૂછ્યું. પણ બેટા, એ ઘરેણાંની કિંમત બહુ ભારે છે, હાં કે?"

વિદ્યાસાગર બોલ્યા: "અરે, બા, તું પૈસા સામું જોતી નહીં. ભલે મારી બધી મિલકત ખતમ થઈ જાય, તોયે મને એની પરવા નથી."

બા શાંત અવાજે બોલ્યાં: "બેટા, સાંભળ. મારાં ઘરેણાં કંઈ સોનાચાંદીનાં નથી. એવાં ઘરેણાં તો માણસ માણસ વચ્ચે ઝઘડો કરાવે. મારે એ ન જોઈએ. મને એ હવે શોભે પણ નહિ. પણ બેટા, મારું પહેલું ઘરેણું તે 'ज्ञान'. આપણા દેશમાં કેટલાંય બાળકો અક્ષરજ્ઞાન ન મળવાને કારણે અજ્ઞાન રહે છે. માટે એવાં ગરીબ બાળકો માટે તું એક મફત શાળા કાઢ. મારું બીજું ઘરેણું તે 'सेवा'. આપણા દેશમાં અસંખ્ય ગરીબ સ્ત્રીપુરુષો તથા બાળકો દવા વિના રોગથી તડફડી મરે છે. તેથી તેમને મફત દવા મળી શકે એ સારુ તું એક ધર્માદા દવાખાનું ખોલ. અને મારું ત્રીજું ઘરેણું તે 'जीवन'. આપણા દેશમાં કેટલાંય કંગાલ સ્ત્રી, પુરુષો અને બાળકો અન્ન વિના ટળવળે છે. તેથી એવાં ભૂખ્યાં માણસોનાં જીવન ટકાવવા તું એક અન્નક્ષેત્ર ખોલ; જેથી એ બાપડાં ભૂખે મરતાં બચે."

અને શ્રી ઈશ્વરચંદ્ર વિદ્યાસાગરે બાની એ શુભ ઇચ્છા પૂરી કરવા જીવનભર જેટલું થઈ શક્યું એટલું કર્યું અને બાના પુણ્યાત્માને શાંતિ આપી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૫૧

સંત-સમાગમ

એક વાર એક ગામમાં એક સંતપુરુષ પધાર્યા. તેમના સારા સ્વભાવથી ગામનાં બાળકોથી માંડીને ઘરડાં સ્ત્રી-પુરુષો સુધી સૌ કોઈ તેમની તરફ માન અને આદરથી જોવા લાગ્યાં. રોજ રાતે ગામને ચોતરે એ સંતપુરુષ ભજન-કીર્તન કરે તે સાંભળવા આખું ગામ ભેગું થાય.

આ જોઈને ગામનો મુખી અકળાઈ જાય. એને મનમાં થતું કે, 'હું આ ગામનો મુખી છું. પણ મારી પાસે બધાં ઉમંગભેર આવતાં નથી; મારું કોઈ બરોબર સાંભળતુંયે નથી. અને આ સાધુડો બેચાર દી થયાં આવ્યો છે, પણ એણે ગામ લોકો પર એવી તે શી ભૂરકી નાખી દીધી છે કે બધાં માણસો એની પાછળ ઘેલાં થઈ ગયાં છે અને એની આસપાસ ટોળે વળીને બેસે છે?' આમ તે રોજ મનમાં ને મનમાં બળ્યા કરે. પણ એથી શું વળે? જ્યાં આખું ગામ સંતપુરુષ તરફ પ્રેમ રાખતું હોય ત્યાં મુખીનું શું ચાલે?

એક દિવસે ગામના કેટલાક જુવાનિયાઓને થયું, 'રાતે આખું ગામ ચોતરે ભેગું થાય છે. પણ આપણા મુખી જ શા માટે એકેય દિવસ આવતા નથી? ચાલો, આપણે મુખી પાસે જઈએ અને કોઈ પણ હિસાબે આજે રાતે મુખીનેય ભજન-કીર્તન સાંભળવા તેડી જઈએ.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેઓ બધા મુખી પાસે ગયા; 'રામ, રામ' કરીને બેઠા. મુખી કહે: "કાં ભાઈઓ, આજે તમે બધા ભેગા મળીને અહીં શા માટે આવ્યા છો? શું ગામમાં ક્યાંક ઝઘડોબઘડો તો નથી થયો ને?"

એક જુવાન બોલ્યો: "ના, ના, કાકા; એવું કશું નથી. અમે તો આપને પૂછવા આવ્યા છીએ કે રોજ રાતે ગામને ચોતરે આખું ગામ ભગવાનનું નામ લેવા ભેગું થાય છે. પણ અમે જોયું કે આપ જ ત્યાં કદી આવતા નથી. એનું કારણ શું?"

મુખીએ બહાનું કાઢતાં કહ્યું: "જુઓને ભાઈ, હવે હું ઘરડો થયો. વળી મારી તબિયત પણ ક્યાં સારી રહે છે? આખો દી ખેતરમાં કામ કર્યા પછી સાંજ પડતાં હું એવો તો થાકીને લોથપોથ થઈ જાઉં છું કે ક્યાંય બહાર નીકળવાનું મન થતું નથી. વળી અવસ્થાને લીધે રાતે ઉજાગરો પણ થઈ શકતો નથી. નહીં તો હું આવ્યા વિના રહું ખરો?"

બીજો જુવાન કહે: "આપની વાત બરોબર છે. પણ આપ એક વાર પણ ન આવો એ કેમ ચાલે? અમે તો આજે આપને લઈ ગયા વિના રહેવાના નથી. પાંચ મિનિટ પણ બેસીને પાછા ઘેર ચાલ્યા જજો. બોલો, આવશો ને?"

છેવટે ખૂબ આગ્રહ પછી મુખીએ ન છૂટકે આવવાની હા પાડી.

રાતે આખું ગામ ભેગું થયું હતું. મુખી પણ કચવાતા મને આવ્યો. મુખીને મંડળીમાં આવેલા જોઈને સંતપુરુષ બોલ્યા: "આવ્યા ભાઈ? આવો."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મુખી કમને પ્રણામ કરી એક બાજુએ ઊભો રહ્યો એટલે બેસવાનું આસન બતાવી સંતપુરુષ બોલ્યા : “ બેસશો ભાઈ? બેસો.”

થોડી વારમાં કીર્તન શરૂ થયું. પણ મુખીનો અહંકાર એને શાનો સાંભળવા દે? મુખી તો ઘેર જવા ઊભો થયો. એટલે સંતપુરુષ બોલ્યા : “ ઊઠશો ભાઈ? ઊઠો.”

મુખી કમને પ્રણામ કરી જવા લાગ્યો. એટલે સંતપુરુષ બોલ્યા : “ જશો ભાઈ? જાઓ.”

મુખી ઘરભણી જવા લાગ્યો. પણ એના મનમાં પેલાં ચાર વાક્યો વારંવાર ગુંજતાં હતાં :

“ આવ્યા ભાઈ? આવો.”

“ બેસશો ભાઈ? બેસો.”

“ ઊઠશો ભાઈ? ઊઠો.”

“ જશો ભાઈ? જાઓ.”

મુખી તો ઘેર જઈ ઊંઘી ગયો. પણ ઊંઘમાં એ જ વાક્યોનું રટણ થયા કરતું હતું.

એવામાં એવું બન્યું કે મુખીને ત્યાં ચાર ચોર ચોરી કરવા આવ્યા. ઘરની પાછળના ભાગમાં ખાતર પાડવા તેઓ એ બાજુ ગયા. ત્યાં તો એ લોકોએ મુખીને બોલતો સાંભળ્યો : “ આવ્યા ભાઈ? આવો.”

એ સાંભળીને ચોરો ચમકયા અને એકદમ નીચે બેસવા લાગ્યા! એવામાં મુખી ઊંઘમાં બબડયો : “ બેસશો ભાઈ? બેસો.”

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચોરો તો ગભરાયા! એમને થયું મુખીએ જરૂર આપણને જોઈ લીધા છે! તેઓ નાસી જવા ઊભા થયા ત્યાં તો મુખી બોલ્યો : "ઊઠશો ભાઈ? ઊઠો."

ચોરોના તો મોતિયા મરી ગયા! તેઓ નાસવા તૈયાર થયા. એવામાં મુખી બબડ્યો : "જશો ભાઈ? જાઓ."

એ સાંભળીને પેલા ચાર ચોરો તો જીવ લઈને નાઠા! પણ ઘેર જઈને તેઓને ચેન પડે નહીં. છેવટે વહેલી સવારે તેઓ મુખીની પાસે ગભરાતા ગભરાતા આવ્યા. પગે પડી તેઓ બોલ્યા : "મુખી માબાપ, અમને માફ કરો. અમારી ભારે ભૂલ થઈ છે!"

મુખી તો કંઈ સમજ્યો નહીં! આખરે જ્યારે તેણે રાતે બનેલી બધી વાત જાણી, ત્યારે એને સમજ પડી.

મુખીને થયું : 'અરે, એક દિવસ પેલા સંતપુરુષ પાસે જઈને થોડી વાર બેઠો, એટલામાં તો મારે ત્યાં મોટી ચોરી [illegible] અટકી. તો પછી જો હું હંમેશ એમની પાસે જઈને સત-સમાગમ કરું તો મારું જીવન કેટલું સુધરી જાય? હવે આજથી રોજ ત્યાં જઈશ અને સંતપુરુષનો સમાગમ કરીશ.'

મુખીએ મનની વાત મનમાં રાખી અને પેલા ચોરોને ફરી આવું ન કરવાની શિખામણ આપી માફ કર્યા. અને પેલા સંતપુરુષને મનથી નમન કરતો તે પોતાને કામે જવા ઊઠ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ ગ્રંથમાળાનાં બીજાં પુસ્તકો

*૧.	ગામગોષ્ઠી	લે. વિઠ્ઠલદાસ કોઠારી અને રાવજીભાઈ પટેલ	
*૨.	પ્રાચીન શીલકથાઓ	લે. ગોપાલદાસ પટેલ	
૩.	આહાર અને પોષણ ભા. ૧ (બીજી આવૃત્તિ)	લે. ઝવેરભાઈ પટેલ	૦-૧૦-૦
૪.	મલેરિયા (બીજી આવૃત્તિ)	સં. વિઠ્ઠલદાસ કોઠારી	૦-૭-૦
૫.	ઘરમાખી	લે. બંસીધર ગાંધી	૦-૭-૦
૬.	ખેડૂતનો ચોપડો		૧-૦-૦
૭.	આહાર અને પોષણ ભા-૨	લે. ઝવેરભાઈ પટેલ	૦-૧૨-૦
૮.	ટાઇફૉઇડ	લે. બંસીધર ગાંધી	૦-૯-૦
૯.	પાણી	,,	૦-૧૪-૦
૧૦.	મીઠું	,,	૦-૧૨-૦

પ્રાપ્તિસ્થાન
નવજીવન કાર્યાલય
અમદાવાદ-૯

---

* આ પુસ્તકો હાલ મળતાં નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar